R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA


Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૯મું

VOLUME : 03 • ISSUE : 19 • PAGES : 28 • MUMBAI • DATE : 5TH AUGUST 2023

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation



6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# કદઓ, કચ્છ અને કચ્છી સમાજ-૨



કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)

રણ, બંદરો, ખેતીવાડી અને જંગલી છોડોથી ભરેલી હજારો એકરની ચારણ જમીનવાળો તથા સરહદને લાગેલો જિલ્લો કચ્છ, જેનો વિકાસ ૨૦૦૨ સુધી નહીંવત હતો. કચ્છનું રણ પ્રસિદ્ધ થતાં કચ્છ પર્યટન સ્થળના નકશા ઉપર આવી ગયું. દેશ અને દુનિયાને કચ્છ બાબત જાણકારી મળતી ગઈ.

એક દુરંદેશી ઉદ્યોગપતિને ૪૦ વર્ષ પહેલાં કચ્છની વિશાળતાનો ખ્યાલ આવી ગયો અને સરકાર પાસેથી પાણીના ભાવે હજારો એકર જમીન મેળવી ભારતનું સૌથી મોટું બંદર સ્થાપ્યું. શું કચ્છી પ્રજા આવી દુરંદેશી બતાવી શકશે?

કચ્છમાં હમણાં કોઈ કાયમી સ્થાયી થવા તૈયાર નથી અને આની સામે જુઓ પરપ્રાંતીઓ કચ્છ તો શું આતંકવાદથી ત્રસ્ત જમ્મુ કાશ્મીર, આસામ વગેરે રાજ્યોમાં પણ સ્થાયી થાય છે. મુંબઈમાં સ્થાનિક પ્રજા કરતાં પરપ્રાંતીઓ વધારે છે. અને તેઓ એકરોની એકર જમીનો કબજે કરવામાં પાવરધા છે. અને પછી ખાલી કરતા જ નથી.

કચ્છમાં પણ શું આવું જ થશે? કચ્છ પ્રત્યે આપણી ઉદાસીનતા તો છે જ આની સામે હવે મુંબઈમાં ઉડીપી હોટલો બંધ થતી જાય છે. નવી ખુલતી નથી કારણ કે હવે તેઓ પોતાના રાજ્યમાં સુખી છે અને તેઓ ત્યાંજ વિકાસ કરે છે. કચ્છ પ્રત્યેનો આપણો પ્રેમ તહેવારો પૂરતો જ છે અને આપણી સગવડ માટે સારાં મકાનો બાંધ્યા છે. જે વર્ષમાં ૨-૩ મહિના વપરાય છે. અરે હવે તો આપણે કચ્છી બોલી પણ નથી બોલતાં અને એની જગ્યાએ અધકચરી ઇંગ્લીશ ભાષામાં વાતચીત કરીએ છીએ, ભેળસેળવાળી ભાષામાં વાતચીત કરીએ છીએ. કચ્છ અને કચ્છી ભાષાને આપણે ભૂલી જવાની કગાર ઉપર આપણે ઉભા છીએ.

અબડાસાના દરેક ગામમાં કદઓના દેરાસર અને ધર્મશાળાઓ છે. કેટલાક મોટા ગામોમાં થોડા ઘર ખુલ્લા છે. તો કેટલાક ગામોમાં એકાદ ઘર ખુલ્લું છે. કચ્છમાં ગાંધીધામ કે ભુજ સામખિયારી એમ બીજા કેટલા મોટા ગામોને બાદ કરતાં ખેતી અને પશુપાલન અને એને લગતાં ધંધા છોડીને ભાગ્યે જ બીજાં કોઈ વ્યવસાય છે. એમાં પણ કારીગરી કે ગેરેજ વ્યવસાયમાં ભાગ્યે જ કોઈ જૈન હશે.

કચ્છને વધુ આકર્ષક અને રોજગારલક્ષી બનાવવું હશે તો કચ્છમાં દરેક ૧૫ થી ૨૦ ગામો વચ્ચે હવે સંસ્થાઓ અને મહાજનોએ રમતગમતના નાના નાના કેન્દ્ર બનાવવાની અને સાથે-સાથે વિજ્ઞાન અને ઈલેક્ટ્રોનિક શીખવાડતી આધુનિક કોલેજની જરૂર છે. ભલેને નાની કોલેજ હોય પણ એમાં કચ્છીઓને પ્રાથમિકતા આપવી.

એક વાત યાદ રાખજો, કેટલાક ઉદ્યોગપતિઓ અને કેટલી કોમોમાં દુરંદેશી હોય છે અને તેઓ પોતાની કોમનું સારા અને મોટા પ્રદેશમાં સ્થળાંતર કરે છે અને સાથે પોતાનો પ્રદેશ પણ છોડતાં નથી. આનું ઉદાહરણ કચ્છમાં જોવા મળે છે. આપણે આજે કચ્છનું મહત્ત્વ ધાર્મિક રીત રિવાજો પુરા કરવા પુરતું જ રાખ્યું છે. દરેક કદઓ મહાજન અને સંસ્થાઓએ માતબર રકમ જમા કરીને અબડાસાના દરેક ગામોમાં ૫ થી 10 એકર જમીન લેવી જ ઘટે. હવે દેરાસરો ઘણા બાંધી લીધા, સમય છે કચ્છને આપણી સાથે બાંધવોનો. આપણા હૃદયમાં ઉતારવાનો.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના　　ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા　　કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના　　પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા　　શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા　　કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૩, અંક : ૧૯, તા. ૦૫-૦૮-૨૦૨૩**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**આરોગ્ય પ્રકાશ**

# સુખ, શાંતિ અને આનંદ આપતાં કુદરતી રસાયણો-હોર્મોન્સ



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**

જીવનમાં માનવીને સૌથી મહત્ત્વની ચીજ શું જોઈએ? સુખ, શાંતિ અને આનંદમય જીવન. એ માટે ભગવાને આપણા શરીરમાં જ એવા રસાયણો આપ્યાં છે જે આપણને સુખ, શાંતિ અને આનંદ આપે, પણ આ રસાયણો આપણા શરીરમાં ક્યારે વધુ ઝરે? ચાલો આજે આપણે એ જાણીએ અને જીવનને સુખ-શાંતિમય અને આનંદમય બનાવીએ.

૧) એન્ડોર્ફીન રસાયણ : શરીરને દરરોજ શારીરિક ક્રિયાઓથી ઘસારો પહોંચે છે. શરીરને નિરોગી રાખવા નિયમિત કસરત કરવી જોઈએ. (ઓછામાં ઓછો અડધો કલાક). કસરત કરવાથી શરીરના દરેક સ્નાયુ અને સાંધા સક્રિય રહે છે, તેનાથી શરીર નિરોગી રહે છે, મનોબળ મજબૂત થાય છે. શરીર થાકે છે અને આ થાક દૂર કરવા કુદરતી રીતે મગજમાંથી 'એન્ડોરફીન' નામનું રસાયણ ઝરે છે. આનાથી થાક દૂર થઈ આનંદની અનુભૂતિ થાય છે. એટલે આનંદિત થવા માટે આપણાથી જે થાય તે કસરત નિયમિત અચુક કરવી જોઈએ. આળસ છોડી, સવારે અડધો કલાક વહેલા ઉઠી ખાલી પેટે કસરત કરો. ચાલવુ, દોડવું (ઠંડી વરસાદ કે કોઈ કારણે બહાર ન નીકળાય તો ઘરમાં ઓન ધ સ્પોટ રનીંગ કે દાદરા ચઢ-ઉતર કરવા) જેમને બિમારી કે સાંધાની તકલીફ હોય તો તે બિમારી કે સાંધાની તકલીફ મુજબ કસરત, યોગાસન કરવા, બેઠાડુ જીવન ત્યજી ઘરમાં પણ કામકાજ માટે હલનચલન કરવું. વય કે તકલીફને લીધે જે વૃદ્ધ ઘરની બહાર ચાલવા ન જઈ શકતા હોય તેમણે પોતાના કામ-પાણી પીવા કે વસ્તુની લે-મૂક કરવા બીજાની મદદ ન લેતા પોતે જ તે માટે ઉઠ-બેસ કરવી. ૪૫ મિનિટથી વધુ એક જ જગ્યાએ બેસવાથી આરોગ્ય પર ખરાબ અસર થાય જ છે. આ રસાયણ વધુ ઝરે એ માટે નિયમિત સંગીત સાંભળો, પોતાની પસંદ મુજબ ભક્તિ સંગીત, ગઝલ કે જુના ફિલ્મી ગીત જે મનને આનંદ અને શાંતિ આપે, વાજીંત્ર વગાડો, સારી ભાવનાત્મક, હાસ્યમય કે લાગણીસભર શુદ્ધ ફિલ્મ જુઓ, હાસ્ય અને ખડખડાટ હાસ્યને જીવનમાં અપનાવો, જોક્સ, કોમેડી સીરીયલ, પિક્ચર જુઓ.

૨) ડોપામાઈન રસાયણ : જીવનમાં સુખી-સંપન્ન થવાની દોડમાં, આપણે ઈચ્છીત વસ્તુ મેળવીએ એટલે આપણા મનને ટાઢક થાય છે, સંતોષ મળે છે અને આનંદ આવે છે. જીવન જરૂરિયાતની કે ભૌતિક આનંદ માટેની વસ્તુ મળતાં માનવી ખૂબ ખુશ થાય છે. સારૂં-ટેસ્ટી ખાવાથી, સારા કપડાં, સુદંર મકાન, નવી કાર, મોબાઈલ, પરીક્ષામાં સારા માર્કસ્ મળતા આનંદ મળે છે જે ખરેખર ડોપામાઈનના ઝરવાથી હોય છે. તે માટે મનથી, તનતોડ મહેનત કરો, લક્ષ્યસિદ્ધ કરો, પણ સંતોષ રાખો અને સફળ ન થાવ તો નિરાશ ન થાવ અને પ્રયત્ન કરતા રહો. પોતાની સ્વસ્થતાની અને શરીરની કાળજી લેવાથી મનને સમાધાન મળે છે અને તેથી ડોપામાઈન વધુ ઝરે છે.

૩) ઓક્સિટોસીન રસાયણ : જ્યારે આપણા કાર્યથી બીજાને લાભ થાય એવું કાંઈ કરીએ, પોતાનો સ્વાર્થ છોડી બીજાને મદદરૂપ થવા કાંઈપણ કરીએ ત્યારે મગજમાં ઓક્સિટોસીન નામનું રસાયણ ઝરે છે. કોઈ જરૂરિયાતમંદને મદદ કરવી, બિમાર કે વૃદ્ધ કે અડોસ-પડોસનાને મદદ કરવી, રસ્તામાં અજાણ્યાને મદદ કરવી, સગા-વ્હાલાને ઉપયોગી થવું વગેરે. નિઃસ્વાર્થભાવે અન્યને મદદ કરીએ ત્યારે આનંદ મળે છે જે આ રસાયણને આભારી છે. આ આદત કેળવવી પડે છે. જે વધુ પડતું મારું-મારું કરે છે, પ્રભુ તેને કહે છે કે હું તમને મારું અને જે તારું-તારું એટલે કે સ્વાર્થ છોડી બીજાનો વિચાર કરે છે તેને પ્રભુ પણ કહે છે કે હું તને તારું. 'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે'નો ભાવ મનમાં હોય તો ઓક્સિટોસીનની કમી વર્તાય નહિ. બાળકોને હસાવીએ, તેમની સાથે રમીએ, વૃદ્ધો સાથે બેસીને એમને આનંદ આપીએ.

**'મંદિર તો બહોત દૂર હૈ ઘરસે, વહાઁ જાયા ન જાય,**
**ચલો યું કરતે હૈ કિસી રોતે હુએકો હસાયા જાય'**

નિદા ફાઝલીનો આ શેર ખરેખર આ વસ્તુને સાચી ઠેરવે છે.

ધ્યાન-મેડીટેશનથી પણ આ હોર્મોન વધે છે. નારાયણ મૂર્તિ, રતન ટાટા, ડાયમંડ કીંગ ધોળકિયા, બિલ ગેટ્સ, વૉરેન બફેટ અને અન્ય નામી-અનામી વ્યક્તિઓ ચેરીટી કરે

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

છે તેની પાછળનું કારણ પણ એ જ છે. જીવનની ખુશી, આનંદ, સંતોષ મેળવવા ફક્ત પૈસાનું જ દાન જરૂરી નથી. અન્યોને તન-મનથી કરેલી મદદ તેટલું જ રસાયણ આપણા શરીરમાં ઉત્પન્ન કરશે, ફક્ત અન્ય માટે સારું વિચારીએ કે ઈચ્છીએ તેનાથી પણ આ રસાયણ મેળવી શકાય. આમ પણ સમાજના કેટલાય લોકોનું આપણા પર ઘણું ઋણ હોય છે જે આપણે તન-મન-ધન દ્વારા કોઈપણ રીતે દુનિયાના દરેક જીવ માટે કાંઈને કાંઈ મદદ કરી ફેળવવું જ જોઈએ, તો જ આપણું જીવન સાર્થક છે કે ફેરો સફળ છે. જ્યારે આપણે કોઈ વ્યક્તિની ખૂબ નજદીક આવીએ, સહવાસ કેળવીએ, મિત્રતા વિક્સાવીએ, સામાજીક બનીએ, સમાજના તમામ લોકોને મહત્ત્વ આપીએ ત્યારે પણ મનમાં સારો ભાવ પેદા થાય છે અને આ રસાયણ ઝરે છે. કોઈને ભેટવાથી, હસ્તધુનન કરવાથી, માથે હાથ ફેરવવાથી, પીઠ થાબડવાથી, પ્રસંશા કરવાથી. સહાનુભૂતિનો સ્પર્શ કરવાથી અઢળક માત્રામાં ઓક્સિટોસીન ઝરે છે. કોઈના વખાણ કરીએ, સારૂં બોલીએ તો પણ આ રસાયણ ઝરે છે.

૪) સેરોટોનીન રસાયણ : આ રસાયણ મૂડ, મન, મગજની સારી સ્થિતિ, આનંદની સ્થિતિ જાળવી રાખે છે. તડકામાં રહેવાથી વિટામીન ડી વધે અને શક્તિ તો મળે છે પણ સાથે સાથે આ રસાયણ પણ ઝરે છે. કુદરતી વાતાવરણમાં રહેવાથી, કુદરતી જીવન જીવવાથી, બાગ-બગીચામાં જવાથી, ગાર્ડનીંગ કરવાથી અને નિયમિત ધ્યાન-મેડીટેશન કરવાથી પણ આ રસાયણ ઝેર છે. શાંત ઓરડામાં કે શાંત જગ્યાએ પદ્માસનમાં બેસી, આંખો બંધ કરી, કપાળના મધ્યમાં તિલકની જગ્યાએ જ્યોત જોતાં હો કે ભગવાનની મૂર્તિ જોતાં હો તેમ શાંતિથી ૧૦-૧૫ મિનિટ બેસો. કોઈપણ કામમાં ઓતપ્રોત થવું એ પણ એક પ્રકારનું મેડીટેશન છે. ધ્યાનથી મનનાં વિચારો-તરંગો શાંત થવાથી આ રસાયણ ઝરે છે. ધ્યાન દિવસમાં બે વાર કરો પ્રાર્થના કરવાથી, ઊંડા શ્વાસ લેવાથી આ રસાયણ ઝરે છે. અળસી, તરબૂચના બી, કોળાના બી, સીયાસીડ્સ,. ખસખસ, સુરજમુખીના બી, તલ, અનાનસ, ડ્રાયફ્રુટ, ટોફુ (સોયા પનીર) દાડમ, સ્ટ્રોબેરી, વધુ રેશાવાળા પદાર્થો ખાવાથી આ રસાયણ ઝરવામાં મદદ મળે છે. કસરતથી એન્ડોર્ફીન તો વધે જ છે પણ થોડા પ્રમાણમાં આ રસાયણ પણ વધે છે. રોજ રાતના સૂતી વખતે આપણા પર બીજાના ઋણ-ઉપકાર યાદ કરીએ, એમનો ઉપકાર સ્વીકારીએ, ભગવાનનો પાડ માનીએ એનાથી પણ આ રસાયણ ઝરે છે.

ખોરાક પણ આ ચાર રસાયણ માટે ઉદ્દીપક (ક્રિયાને ઝડપી બનાવનાર)નું કામ કરે છે. જે આનંદ કે મજા આપણી મા-બહેન-પત્ની કે દીકરીએ બનાવેલ અન્નમાં હોય છે તે રસોયા, હોટલ કે રસ્તાની લારીના અન્નમાં નથી, કારણ કે નિસ્વાર્થ ભાવે, પ્રેમથી, સારા વિચારો કરતાં એક ભાવ રેડીને બનાવેલ અન્ન જ આ ચાર રસાયણ ઉત્પન્ન કરી શકે. એટલે જ કહેવાય છે કે 'જેવું અન્ન તેવું મન'. ઘરનું બનાવેલ અન્ન શુદ્ધ, પૌષ્ટીક તો હોય છે પણ ઉપર જણાવેલ કારણોને લીધે આ ચાર રસાયણ ઝરવા માટે ઉદ્દીપકનું કામ કરે છે.

**''તેરે ડિબ્બે કી દો રોટીયાઁ કહીં બીકતી નહીં,**
**માઁ મહેંગે હોટલો મેં આજ ભી ભૂખ મિટતી નહીં.''**

આજે દુનિયામાં પરિસ્થિતિ વિપરીત છે એકબીજા માટે ઈર્ષ્યા, ગુસ્સો, અસંતોષ ફક્ત સ્વાર્થ, નિંદા વગેરે વધ્યા છે. એટલે આ ચાર કેમિકલ ઝરવાને બદલે નેગેટીવ ઉર્જા, નુકસાનકારક રસાયણો ઝરે છે. અને શરીરને બિમાર કરે છે. આજથી જ આ ચાર રસાયણ શરીરમાં નિયમિત ઝરે એના પ્રયત્નો શરૂ કરો અને જીવનમાં ખરેખર સુખ, શાંતિ અને આનંદ મેળવો.



## વાચકોના પ્રતિભાવ


પ્રકાશ સમીક્ષા ના ૫ જુલાઈ અને ૨૦ જુલાઇ ૨૦૨૩ ના તંત્રી લેખોમાં કચ્છ, ક.દ.ઓ. જ્ઞાતિ અને કચ્છી સમાજ વિષેનો લેખ અને શીખ સમયસરના છે અને આપણે બધાએ વાંચી જવા જેવા છે. આથી પહેલાં વડોદરાના સ્વ. શ્રી પ્રવીણભાઈ ભારમલ લોડાયાએ પણ એમના બે ત્રણ લેખોમાં આજ વાત દોહરાવી હતી. મુંબઈની ગીચતામાંથી વડીલોને કચ્છના કુદરતી વાતાવરણમાં વસવાની સલાહ આપી હતી. જેથી આપણી ધરોહર અને હેરિટેજ જળવાઈ રહે.

ઉપર્યુક્ત અંકોમા ''કદઓ બ્રાન્ડ ચંદ્રમા ઉપર''ની વાતને સાર્થક કરતી ઘટના વિશે લખાણ છે જેમાં આપણે સહુએ ગર્વ લેવા જેવું છે. વરાડીયાના ખામગામમાં રહેતા શ્રીમતી ગીતિકાબેન જયેશ વિકમશીની કંપની વિકમશી ફેબ્રિકસ પ્રા. લી.ના ઉત્પાદનો ચંદ્રયાન ૧ ,૨ અને ૩ માં વપરાયા છે. આનાથી પહેલાં એ સાધનો અમેરીકાના નાસાથી મોટી કિંમત ચૂકવી અને આકરી શરતો પાળીને મંગાવવા પડતા. એવીજ રીતે સુથરી મુલુંડના શ્રી હરીશ નરશી ધરમશીની ફેમિલી દ્વારા સંચાલિત H.D. Fire Protect Pvt Ltd ના ઉપકરણો પણ ચંદ્રયાન ૩ માં વપરાયા છે. આ બંને ફેમિલીઓને ખુબ ખુબ અભિનંદન સાથે ધન્યવાદ. કચ્છ ની જ પારસ ડિફેન્સ એન્ડ સ્પેસ ટેકનોલોજી કંપનીનું પણ ચંદ્રયાન ૩ માં યોગદાન છે.

ડોક્ટર વીરચંદ લખમશી નાગડા ઘણા સમયથી લગભગ દરેક અંકમાં આરોગ્ય તંદુરસ્તી માટેની હેલ્થ ટીપ્સ આપે છે. એ પણ એક જ્ઞાતિ સેવા છે અને એનું અનુકરણ કરીએ તો ઘણી બધી બિમારીઓથી બચી શકીએ. બિગ સેલ્યુટ ટુ યુ ડોક્ટર વીરચંદભાઈ.

**– રમેશ જેઠાભાઈ નાગડા-નલીયા(કોચીન)**

### જયંત છેડા (ગુર્જરમાત)ની ટપાલ ટિકિટ



જ્ઞાતિમાં પત્રકારિતા ક્ષેત્રે મશાલ પ્રજ્વલતિ રાખનારા નલીયાના મુલુંડ નિવાસી જયંતભાઈ વિસનજી છેડાએ ગુજરાતી 'સાપ્તાહિક ગુર્જરમાત' દ્વારા બજાવેલ નોંધપાત્ર કામગીરીની કદર રૂપે ભારતીય ટપાલ ખાતાએ રૂા. પાંચની કિમતની ટપાલ ટિકિટ બહાર પાડી છે. ગુર્જરમાતનું પ્રકાશન ૨૬ જાન્યુઆરી ૧૯૯૮થી શરૂ કરી ૨૫ વર્ષથી પ્રકાશિત થઈ રહ્યું છે.

## ધનવંતીબેન વિશનજી નાગડાનો સંક્ષિપ્ત પરિચય



કલા અને ભાષાનું અનુપમ સર્જન નિખારનાર કલાકાર ધનવંતીબેન વિશનજી નાગડા નલીયા હાલ પોંડીચેરીનું તા. ૦૧.૦૮.૨૦૨૩ પોંડીચેરીમાં ૯૦ વર્ષની વયે જીવન દીપ બુઝાઈ ગયો.

આધ્યાત્મિક ક્ષેત્રે અપૂર્વ સાધનાથી વિશ્વ વિખ્યાત પોંડીચેરી ના મહર્ષિ અરવિંદ અને માતાજીના સાનીધ્યમાં જેમનું બાળપણ વીત્યું હતું. એવા ધનવંતીબેન ચિત્રકળા, પેન્ટીંગ, શિલ્પ, સંગીત, કાવ્ય સર્જન અને ભાષા અનુવાદના ક્ષેત્રમાં આગવી પ્રતિભા ઉપસાવી વિશિષ્ઠ સ્થાન ગ્રહણ કર્યુ હતું.

પોંડીચેરીના અરવિંદ આશ્રમમાં ત્રીસેક વર્ષ સુધી સાધના કરનાર શા.વિશનજી જેતશી નાગડા (નલીયા)ના પુત્રી બા.બ્ર. ધનવંતીબેને અંબુભાઈ પુરાણીજી, પૂંજાલાલ અને કવિ સુંદરમ જેવા ગુજરાતી સાહિત્યના ધુરંધરોની નિશ્રામાં શિક્ષણ પ્રાપ્ત કરીને પોતાની આગવી સર્જનશક્તિથી જીવનને સોળે કળાએથી ખીલવી ધન્ય બનાવ્યું હતું. કલાગુરુ કૃષ્ણલાલભાઈ, વાસુદેવ અને જયંતીલાલ પારેખ પાસેથી ડ્રોઈગ (પેંટિગ) શીખ્યા. પછી એ કલાને પોતાની સર્જક પ્રતિભાથી વિસ્તારી વિશ્વસ્તરે નામના મેળવી હતી. બ્રાઝિલ અને સાનફ્રાંસીસકોમાં ઈન્ડીયા - નેપાલ આર્ટ એક્ઝિબિશનમાં એમના ચિત્રો અને પેંટિગ પ્રદર્શિત થયેલ હતા. ફ્રેન્ચ સ્કલપટર Rodin થી પ્રભાવિત થઈ ધનવંતીબેને અનેક શિલ્પનું સર્જન કરેલ હતુ.

કવિ સુંદરમની ઉત્કૃષ્ઠ કક્ષાની કાવ્ય રચનાઓને અંગ્રેજીમાં અનુવાદ કરનાર ધનવંતીબેનનું અગાધ પાંડીત્ય દૃષ્ટિગોચર થયા વિના રહેતું નથી.

વર્ષ ૧૯૫૬માં ૨૨ વર્ષની ઉંમરે એમના અંતરમાં વિશિષ્ઠ અનુભૂતિ થઈ ત્યારથી ધનવંતીબેનનું જીવન જ કળામય બની રહ્યું અને કળા જ જીવન બની રહી.

૧૯૭૯માં જ્ઞાતીના દ્વિતીય સંમેલન હુબલીમાં ૧૫ વિશિષ્ઠ વ્યક્તિઓને સન્માનિત કરેલ એમાં ચિત્રકલા તથા પેંટિગના ક્ષેત્રમાં ધનવંતીબેનને પણ સન્માનિત કરવામાં આવેલ.

પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને પરમ શાંતી બક્ષે એજ શુભેચ્છા .

**– શ્રી રમેશચંદ જયચંદ નાગડા (કોપલ)**

U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

COMMITMENT
TO EXCELLENCE



OUR PRESENCE
AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

www.umkhona.com

CB: 11/189


શબ્દ કોયડો

# ધર્મસંદેશ - તા. ૦૫-૦૮-૨૦૨૩

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)

મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨





**આડી ચાવીઓ :**

૧) એટલે પૂર્વના પાપને લીધે દુઃખ ભોગવે પણ સારા કાર્યોને લીધે પુણ્ય બાંધે (૭)

૪) જ્ઞાનનું એક ઉપકરણ (૩)

૬) ગુજરાતમાં આવેલ સુમતીનાથનું એક તીર્થ (૩)

૭) સમવસરણનો પ્રથમ ગઢ શેનો હોય (૩)

૮) પાટણમાં આવેલ પાર્શ્વનાથ (૩)

૯) ઉપાધ્યાય પદની આરાધના આ ધાન્યથી થાય (૨)

૧૧) પ્રભુ ઉપર મુકેલ .... ઉપર પૂજા કરો (૨)

૧૩) યશોધર એ કઈ ચોવીસીના તીર્થંકર છે (૩)

૧૪) ફાગણીમાં યાત્રિકો માટે યાત્રા સમાપ્ત થતાં ખાવાના .... હોય (૨)

૧૫) આ પ્રભુનું જન્મ અને નિર્વાણ કલ્યાણક એક જ તીથીના છે. (૪)

૧૭) શત્રુંજય ઉપર પુણ્ય મેળવવા શાની નીચેથી પસાર થવું પડે (૩)

૧૯) મનમોહન પાર્શ્વનાથનું તીર્થ (૩)

૨૧) ઉદેપુરમાં આવેલ પાર્શ્વનાથ (૨)

૨૩) રાજગૃહીના ધનાઢ્ય શ્રેષ્ઠીપુત્ર (૪)

૨૫) કલિકુંડ તીર્થની સ્થાપના કરનાર આચાર્ય (૫)

૨૮) કેટલા પ્રભુએ લગ્ન નથી કર્યા (૧)

૨૯) દેવાધિદેવ (૪)

**ઊભી ચાવીઓ :**

૧) અઢી દ્વીપમાં આવેલ (૫)

૨) કર્મોનું અટકાવવું (૨)

૩) જ્યાં બાળકોનું ઉજ્જવળ સંસ્કારોનું સિંચન થાય (૪)

૪) કુલકર કેટલા (૨)

૫) એ આત્માને .... આપજો (૫)

૬) ૧૦૮ મણકાની ..... હોય (૨)

૧૦) પાટણમાં આવેલ ૧૦૮ માંના એક પાર્શ્વનાથ (૨)

૧૧) ..... રે મારા પ્રભુજીને શોભતી (૩)

૧૨) સંવત્સરીના દિવસે બારસો ..... નું વાંચન થાય (૨)

૧૪) ગુરૂ દેવોને બેસવાની જગ્યા (૨)

૧૬૦ રાણકપુર એ ૧૪૪૦ ...... નું દેરાસર છે.

૧૭) એમનો કોઢ આયંબિલથી દૂર થયો (૫)

૧૮) ૧૦૮માંના એક પાર્શ્વનાથ (૨)

૧૯) ખંભાતમાં આવેલ પાર્શ્વનાથ (૩)

૨૦) એક દેવલોકનું નામ (૩)

૨૧) સત્તરભેદી પૂજામાં પ્રભુને ..... દર્શન કરાવવામાં આવે (૨)

૨૨) દેવોનો રાજા (૨)

૨૪) આપણે રહીએ છીએ એ ક્ષેત્ર (૩)

૨૬) ગુરૂ ભગવંતોની એક પદવી (૨)

૨૭) દસમું પાપ સ્થાનક (૨)

---

**ધર્મસંદેશ - ૨૦.૦૭.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૧) અપાપાપુરી (૩) ભરત (૫) મહાવીર (૬) નંદ (૮) યોજન (૧૦) દસ (૧૧) માન (૧૩) સેસલી (૧૪) સત્તરભેદી (૧૫) ગમે (૧૬) મીનયુગલ (૧૯) અનાથ (૨૦) ગતિ (૨૧) પોસલી (૨૨) વરખ (૨૪) કોબા (૨૬) ગહુલી (૨૭) નામ (૨૮) સાંજી. **ઊભી ચાવીઓ :** (૧) અભિનંદન સ્વામી (૨) પુણીયો (૩) ભરહેસર (૪) તત્ત્વો (૫) મનન (૭) દસ (૯) જમાલી (૧૨) આદીનાથ (૧૪) સમેતશિખરજી (૧૭) યુગલીકો (૧૮) ગતિ (૧૯) અર્ધમાગધી (૨૧) પોસીના (૨૩) પાલી (૨૫) બાહુ.

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ

આયોજીત

# RUBAROO '23

તા. ૦૨-૦૩ સપ્ટેમ્બર

## (રૂબરૂ '૨૩ - મહારાષ્ટ્ર એકમ સ્નેહમિલન)

સ્થળ પાચોરા

**શ્રી ક. દ. ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ દ્વારા તા. ૨ અને ૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ રોજ શ્રી મહારાષ્ટ્ર એકમ ના કાર્યક્ષેત્ર માં વસતા જ્ઞાતિજનો માટે સ્નેહમિલન નું આયોજન પાચોરા મુક્કામે કરવામાં આવ્યું છે. એકમ ના સર્વે ભાઈ બહેનોને, યુવાનોને ભાવભર્યું આમંત્રણ. સારી સંખ્યામાં જોડાવવા નમ્ર વિનંતી...**

**(આશીર્વાદ) ખાન્દેશરત્ના પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ. સા.**

**(મુખ્ય અતિથિ) શ્રી હેમંત માણેકજી લોડાયા (વિનીપેગ - કેનેડા) (વરાડિયા)**

"Mr India of Canada"

### અતિથિ વિશેષ

| શ્રી હરીશ નરશી ધરમશી | શ્રી તિલક કરમચંદ વિકમશી | સૌ. મનીષા ચેતન પોલડિયા |
|---|---|---|
| Managing Director | Chairman | Group Chief HR |
| એચ.ડી. ફાયર | માઇક્રોફિનીશ ગ્રૂપ | જૂપીટર હોસ્પિટલ |
| મુંબઈ (સુથરી) | હુબલી (વરાડિયા) | મુંબઈ (બાયઠ) |

### વિવિધ કાર્યક્રમો

સૌ. જ્યોતિ મારું, વડોદરા - Motivational Talk

શ્રી અર્જુન તથા મુકેશ ધરમશી, દેવલાલી - Dobiee Candies (Shark Tank India Fame)

ભોમિશા લોડાયા, સોલાપુર - Yoga Se Hi Hoga

મહારાષ્ટ્ર એકમ - પાસપોર્ટ ટુ ગ્રોથ + સાંસ્કૃતિક કાર્યક્રમો + એકમ ના સુર સમ્રાટ તથા ટેલેન્ટ શો + યુવાનો માટે ડિબેટ સ્પર્ધા અને સ્ટેજ શો + સમાજ ના સળગતા વિષયોપર ચર્ચા + વાર્ષિક જનરલ સભા + શૈક્ષણિક ઈનામ વિતરણ

### વિનીત

પ્રમુખ શ્રી મનીષ ભવાનજી લોડાયા, ચાલીસગામ + માનદ મંત્રી શ્રી ગોવિંદજી નેણશી સોની, ધુલિયા

ઉપ-પ્રમુખ: શ્રી ભરત નરશી દંડ, મલકાપુર • શ્રી બીપીન રતિલાલ પોલડિયા, જાલના • શ્રી દેવાંગ ઉત્તમચંદ ખોના, સાંગલી

મહિલા મંચ પ્રમુખ સૌ. કાશ્મીરા વિનોદ લોડાયા, ઔરંગાબાદ + માનદ મંત્રી સૌ. પ્રતિભા ભરત દંડ, મલકાપુર

યુવા મંચ પ્રમુખ શ્રી સાગર સતીશ લાલકા, પૂના + માનદ મંત્રી શ્રી સંકેત કિરીટકુમાર લોડાયા, પાચોરા

**તથા સર્વે કારોબારી સભ્યો - શ્રી ક. દ. ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ**

**(સંપર્ક)**

શ્રી મનીષ લોડાયા, ચાલીસગામ - 8888520498
શ્રી ગોવિંદજી સોની, ધુલિયા - 9923467640
શ્રી કિરીટકુમાર લોડાયા, પાચોરા - 9422774633
શ્રી કમલેશ પોલડિયા, પાચોરા - 9595958964

સ્વાગતોત્સુક

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન, પાચોરા**

પાંજો પાચોરા

# શ્રી વરાડીયા કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## શ્રી વરાડીયા જિનાલયનું ૧૨૧મુ ધ્વજારોહણ મહોત્સવ ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩

૧૨૦ વર્ષ પ્રાચીન વરાડીયા તીર્થે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદાના જિનાલયના ૧૨૧મા ધ્વજારોહણ મહોત્સવ પ્ર. શ્રાવણ સુદ ત્રીજ થી પાંચમ, તા. ૨૦ થી ૨૨ જુલાઈ ૨૦૨૩ના રૂડી રીતે ઉજવાયો, જેમાં પ.પુ. ઉપાધ્યાય શ્રી પૂર્ણભદ્ર સાગરજી મ. સા. ના કોઠારા તીર્થે ચાતુર્માસ અર્થે બિરાજમાન શિષ્યો, પ્રવર્તક શ્રી મલયસાગર શ્રી જી મ. સા. તથા મુનિરાજ શ્રી રત્નાકર સાગર શ્રી જી મ. સા. એવમ્ ડુમરા તીર્થે ચાતુર્માસ અર્થે બિરાજમાન પ.પુ. સાધ્વી શ્રી જયોતિકલાશ્રીજી મ.સા.ના શિષ્યાઓ પ.પુ. સાધ્વી શ્રી પ્રસન્નચંદ્રાશ્રી જી મ.સા. તથા પ. પુ. સાધ્વી શ્રી ત્રૈલોક્યચંદ્રાશ્રીજી મ. સા.ની પાવન નિશ્રા સાથે ચતુર્વિધ સંઘની હાજરી રહેલ. વિધિ વિધાન વિધિકાર શ્રી કેવલભાઈ સાવલાએ કરાવેલ તથા ગીત-સંગીત શ્રી કિશોરભાઈ સંઘાર અને સાથીદારો એ રજૂ કરેલ.

**પ્રથમ દિવસ તા. ૨૦.૦૭.૨૦૨૩**

(૧) સવારના શ્રી નમિનાથ પ્રભુજીના પ્રવેશ નિમિત્તે વિવિધ સ્થાપના તથા પાટલા પુજન થયેલ.

(૨) બહારગામથી પધારેલ ભાવિકોનું સવારે ૯.૦૦ ક. ઢોલ શરણાઈના તાલે સ્વાગત કરવામાં આવેલ.

(૩) નવ નિર્મિત ઉપાશ્રયના બે મુખ્ય ગેટ તથા મુખ્ય ઉપાશ્રય (દાતાશ્રી : મા. મીનાબેન કલ્યાણજી વેલજી મોમાયા પરીવાર (આદિપુર), સ્વાધ્યાય કક્ષ તથા એક ગેટ (દાતાશ્રી : સ્વ. સૌ. ભાનુમતિબેન કરમચંદ આણંદજી વિકમશી પરીવાર, હુબલી તથા ગોચરી કક્ષ (દાતાશ્રી : સુશ્રાવિકા મધુબેન લહેરચંદ રતનશી ડાઘા પરીવાર)નું ઉદઘાટન ત્રણે દાતા પરીવારજનોના કર કમલે ચતુર્વિધ સંઘની હાજરીમાં થયેલ.




(૪) પુ. મહારાજ સાહેબ તથા વિધિકાર ના મંત્રોચ્ચાર તથા સંગીત મંડળી દ્વારા સ્તવનો ની સુરાવલી સાથે શ્રી પ્રભુજી ના અઢાર અભિષેક થયેલ. મુખ્ય લાભાર્થી પરીવારઃ મા. ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરીવાર, વરાડીયા.

**બીજો દિવસ : તા. ૨૧ જુલાઈ ૨૦૨૩**

(૧) સવારના મા. મધુબેન લહેરચંદ રતનશી ડાઘા ના ગૃહે થી વાજતે ગાજતે ચતુર્વિધ સંઘ સાથે શ્રી નમિનાથ દાદાનું જિનાલયમાં વિધિવત પ્રવેશ થયેલ.

(૨) સવારના ૯.૩૦ ક. આરાધના ભવનમાં પ. પુ. પ્રવર્તક શ્રી મલયસાગરજી મ. સા. તથા મુનિરાજ શ્રી રત્નાકરસાગરજી મ. સાહેબે મહોત્સવને અનુરૂપ વ્યાખ્યાન બાદ શ્રી શાંતિ કલ્યાણ નિધિ ફંડના ૨૪ દાતાશ્રીઓનું સન્માન થયેલ તથા એની તકતી અનાવરણ આ મહોત્સવમાં ઉપસ્થિત વરાડીયા ટ્રસ્ટના અગાઉના ટ્રસ્ટીઓના હસ્તે થયેલ.

(૩) ૧૨૦ વર્ષ પહેલાં જિનાલય બંધાવનાર શેઠ શ્રી દેવજીભાઈ મુરજીભાઈ મોમાયાના નામ સાથે પ્રતિષ્ઠા નિશ્રા, જિર્ણોદ્ધાર, સંકુલ નવનિર્માણની માહિતી સભર તકતીનું અનાવરણ વર્તમાન ટ્રસ્ટ બોર્ડના ઉપસ્થિત સાત ટ્રસ્ટીઓએ કરેલ.

(૪) શ્રી સિધ્ધ ચક્ર મહાપુજન નુતન ઉપાશ્રય ચતુર્વિધ સંઘની હાજરીમાં થયેલ. લાભાર્થી પરીવાર : મા. મધુબેન લહેરચંદ રતનશી ડાઘા પરીવાર, ભાંડુપ.

(૫) રાત્રે શ્રી મહાકાળી માતાજીની ભાવના આરાધના ભવનમાં થયેલ.

**દિવસ ત્રીજો : તા. ૨૨.૦૭.૨૦૨૩**

ધ્વજારોહણ માટે સતરભેદી પૂજામાં આજુબાજુના ગામો-કોઠારા, સાંધવ, સાંયરા, સુથરી, નલિયા, ડુમરા વગેરેથી ૪૫ ભાવિકો સહીત ૨૦૦ જેટલાં ભાવિકોની હાજરી રહેલ. પુજા બાદ શુભ મુહૂર્તમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલયની ૧૨૦ મી સાલગીરાએ ૧૨૧ મું ધ્વજારોહણ હર્ષ ઉલ્લાસ સાથે ઉજવાયેલ. મુખ્ય ચાર ધ્વજાઓ લાભાર્થી પરીવારઃ મા. ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરીવાર.



અન્ય છ ધ્વજાઓ નો લાભ ચડાવાના આદેશ લઇ નીચેના ભાવિકો એ લીધેલ.

(૫) શ્રી પાર્શ્વનાથ યક્ષ તથા મહાકાળી માતાજી (મણ ૧,૫૦૧)–મા. વાલબાઈ શામજી હીરજી મોમાયા, નાહુર

(૬) શ્રી ચક્રેશ્વરી દેવી તથા શ્રી પદ્માવતી દેવી (મણ ૩,૫૩૫) – શ્રી વરાડીયા વહુ રાણીઓ ગ્રુપ (હસ્તે સૌ. નીતા ગજેશ ડાઘા તથા સૌ. આશા કિરીટ મોમાયા)

(૭) પૂર્વ ચોકીયારો (ઘંટ વાળો) (મણ ૪,૫૪૫) મા. રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા, હુબલી

(૮) દક્ષિણ ચોકીયારો (તિલક સ્ટેન્ડ ઉપર) (મણ ૧,૦૦૮)

(૯) ઉત્તર ચોકીયારો (કેશર રૂમ ઉપર)( મણ ૧૦૦૮)

(૧૦) દાદા કલ્યાણ સાગરજીની દેરી. ( મણ ૨,૮૦૧ )

ક્રમાંક ૮ થી ૧૦– ત્રણે ધ્વજા : મોમાયા યંગીસ્તાન ગ્રુપ, (હસ્તે શ્રી અમિત શાંતિલાલ મોમાયા, શ્રી દિપેશ ચીમનલાલ મોમાયા, મુંબઈ તથા અન્ય )

મહોત્સવ દરમ્યાન કુલ ધૃત ૩૦,૬૧૧ મણ અને ગુરુ પુજન રૂપિયા ૯,૯૯૯/– થયેલ. જીવદયા ટીપમાં રૂા. ૭૨ હજાર તથા સાધારણમાં રૂા. ૧૫ હજારનો ફાળો થયેલ.

*** સન્માન ***

(૧) તા. ૨૦.૦૭.૨૦૨૩ ના શ્રી વરાડીયા મહાજન તરફથી નુતન ઉપાશ્રયના ઉદ્‌ઘાટન બાદ ઉપાશ્રય નવનિર્માણના ત્રણે દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવેલ.

(૨) શ્રી માનવ જ્યોત ભુજના સક્રીય કાર્યકર તથા લોકલાડીલા સમાજસેવક શ્રી પ્રબોધભાઈ મુનવર (કોઠારા)નું સન્માન વરાડીયા મહાજન દ્વારા કરવામાં આવેલ.

(૩) બીજા દિવસે તા. ૨૧.૦૭.૨૦૨૩ના પુ. મહારાજ સાહેબના વ્યાખ્યાન દરમિયાન આરાધના ભવનમાં શ્રી શાંતિ કલ્યાણ નિધિ સર્વ સાધારણ ફંડના ૨૪ સૌજન્ય દાતાશ્રીઓનું વરાડીયા મહાજન દ્વારા સન્માન કરાયેલ.

(૪) ગુજરાત રાજ્યના અબડાસા વિસ્તારના વિધાનસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા તા. ૨૧.૦૭.૨૦૨૩ના પધાર્યા હતા અને એમનું શ્રી વરાડીયા મહાજન દ્વારા સન્માન કરવામાં આવેલ.

(૫) તા. ૨૨.૦૭.૨૦૨૩ના સતરભેદી પુજા દરમિયાન ધ્વજારોહણના મુખ્ય લાભાર્થી પરીવાર તથા શ્રી સિધ્ધ ચક્ર મહાપુજનના લાભાર્થી પરીવારનું શ્રી વરાડીયા મહાજન દ્વારા સન્માન કરવામાં આવેલ . તેમજ આ દાતા પરિવારોએ વરાડીયા દેરાસરના સર્વ ઉપસ્થિત ટ્રસ્ટીઓનું પણ સન્માન કરેલ.

(૬) નૂતન ઉપાશ્રયના નિર્માણ કાર્યમાં પોતાના અનુભવ તથા સમયનો સદુપયોગ કરી ધગશ સાથે વ્યસ્થિત રીતે, નિષ્ઠાપૂર્વક અને સમયસર નિર્માણ કાર્ય પૂર્ણ કરાવવા માટે જહેમત કરનાર ટ્રસ્ટી શ્રી નલિન રતનશી ડાઘાનું સન્માન શ્રી વરાડીયા કદઓ જૈન મહાજન દ્વારા કરવામાં આવેલ ત્યારે વાતાવરણ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું હતું.

ધ્વજારોહણ મહોત્સવમાં પણ વિશેષ જવાબદારી સ્વીકારી તન, મન અને ધનથી સહયોગ માટે મા. ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરીવાર તરફથી પણ શ્રી નલિન ડાઘાનું સન્માન કરવામાં આવેલ.

*** ત્રણે દિવસ સમુહ આંગી ***

રૂા. ૨૫૦/–ના નકરાથી મહોત્સવના ત્રણે દિવસ આંગી માટે ૩૦ ભાવિકોએ સમુહ આંગીમાં લાભ લીધેલ.

***રહેવાની વ્યવસ્થા***

વરાડીયામાં અતિથી ગૃહમાં ૮ રૂમની વ્યવસ્થા અપુરતી હોતાં કેટલાંક ભાવિકો માટે કોઠારા તથા સાંધવના અતિથિગૃહોમાં વ્યવસ્થા કરવામાં આવેલ. તથા વરાડીયાના ૧૪ ભાવિકોએ પોતાની રહેણાંક જગ્યા પણ ફાળવી હતી.

***વિશેષ ચમકારા : દાનની ગંગા***

ધ્વજારોહણ મહોત્સવના મુખ્ય લાભાર્થી મા. ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરીવારે સર્વ સાધારણ આની ફાળા ૨૦૨૩ની શુભ શરૂઆત ૫૫૧ આની નોંધાવીને કરેલ જેના પ્રતાપે ૨૨૪ ભાવિકોના સહકારથી કુલ આની ફાળાનો આંકડો વિક્રમી ૪૫૦૦ (રૂા. ૫,૪૪,૫૦૦/–) સુધી પહોંચી ગયો.

નિજ ગૃહ જિનાલય, ભાંડુપથી નિજ વતન વરાડીયા જિનાલયમાં શ્રી નમિનાથ દાદાની પધરામણી નિમિત્તે મા. મધુબેન લહેરચંદ રતનશી ડાઘા તરફથી દેવ દ્રવ્ય ફંડમાં રૂા. ૨૫,૦૦૦/– તથા સાધારણ કાયમી નિભાવ ફંડ માં રૂા. બે લાખ જાહેર કરેલ.

નુતન ઉપાશ્રયમાં નવા બે પાટના સૌજન્ય દાતાઃ શા દામજી શીવજી મોમાયા પરીવારની ૧૧ નિયાણી બેનો. (રૂા. ૩૦,૦૦૦/–)

ભવિષ્ય માટે વધારાના એક એક પાટ (કુલ ૩)ના દાતા

૧. સ્વ. સોમીલ કિરીટ હંસરાજ ડાઘા

૨. સ્વ. મધુબેન મહેન્દ્ર હંસરાજ ડાઘા

૩. સૌ. શીલાબેન ભરત હંસરાજ ડાઘા

(પાટ દીઠ – રૂા. ૧૫,૦૦૦/– )

ઉપાશ્રય માટે અન્ય ઉપયોગી ફર્નિચર વગેરે માટેઃ રૂા.૫૧,૦૦૦/- : મા. વિજ્યાબેન મહેન્દ્ર દેવજી ખોના, અમદાવાદ - આરીખાણા.

નુતન ઉપાશ્રયમાં ભવિષ્યમાં થનારા પ્રથમ ચાતુર્માસ માટે ચાતુર્માસ ફંડમાં - રૂા. ૫૧,૦૦૦/- સૌ. આશાબેન દીપક ગંગાજર ડાઘા, મુલુંડ-વરાડીયા.

મા. હીરબાઈ રતનશી પાસવીર ડાઘા સમસ્ત પરીવાર તરફથી ધ્વજારોહણ મહોત્સવ ત્રણ દિવસ ઉપસ્થિત રહેનાર સર્વે સાધર્મિક પરીવારોને ઘર દીઠ સુંદર ચાદરની પ્રભાવના.

*** આગામી ધ્વજારોહણ મહોત્સવ ***

આવતા વર્ષ માટે ટહેલ નાખતાં દાદાના પ્રતાપે આગામી ત્રણ વર્ષના અઢાર અભિષેક સહિત ધ્વજારોહણના મુખ્ય લાભાર્થી પરીવાર/ગ્રુપના નામ આવી ગયા છે.

સં ૨૦૮૦ માં ૧૨૨ મું ધ્વજારોહણ
શ્રી વરાડીયા વહુરાણીઓ ગ્રુપ
સં. ૨૦૮૧ માં ૧૨૩ મું ધ્વજારોહણ
શા. દામજી શીવજી મોમાયા સમસ્ત પરીવાર
સં. ૨૦૮૨ માં ૧૨૪ મું ધ્વજારોહણ
મા. ધનબાઈ લખમશી નરશી મોમાયા સમસ્ત પરીવાર

આ સર્વ લાભાર્થી પરીવારો/ગ્રુપની શ્રી વરાડીયા કદઓ મહાજન ભુરી ભુરી અનુમોદના કરે છે.

*** નુતન ઉપાશ્રય માટે આશિર્વચન ***

પ. પુ. અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

ડિસેમ્બર ૨૦૨૨માં ઉપાશ્રયના ખાત મુહુર્તમાં પાવન નિશ્રા આપનાર પ. પુ. આચાર્ય ભગવંત શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ.

નુતન ઉપાશ્રય માટે પ્રેરણા તથા માર્ગદર્શન આપનાર પ. પુ. સાધ્વી શ્રી ચારુપ્રજ્ઞાશ્રીજી મ. સા. તથા એમના શિષ્યા પ. પુ. સાધ્વી શ્રી અનંતયશાશ્રીજી મ. સા.

નુતન ઉપાશ્રય માટે પ્રેરણા આપનાર તેમજ ખાત મુહુર્તમાં નિશ્રા આપનાર પ. પુ. ગુણમાલાશ્રીજી મ.સા.ના શિષ્યા પ. પુ. હિતપ્રજ્ઞાશ્રીજી મ. સા.

ડુમરા તીર્થે ચાતુર્માસ અર્થે બિરાજમાન પ. પુ. સાધ્વી શ્રી જયોતિકલાશ્રીજી મ સા. આદિ ઠાણા.

સુથરી મહાતીર્થે બિરાજમાન પ.પુ. સાધ્વી શ્રી મહાયશાશ્રીજી મ. સા. આદિ ઠાણા

અંકલેશ્વર ચાતુર્માસ અર્થે બિરાજમાન પ. પુ. સાધ્વી તત્વપૂર્ણાશ્રીજી મ. સા. આદિ ઠાણા

***ખાસ ઉલ્લેખ***

ઉપાશ્રયની પાછળ આવેલ પોતાની જગ્યા ઉપાશ્રય/ દેરાસર માટે ઉપયોગમાં લેવા વર્ષો પહેલાં દેરાસરને સુપ્રત કરનાર નીચે મુજબ વરાડીયા કદઓ જ્ઞાતિના વડીલોની અંતઃકરણપૂર્વક અનુમોદના.

૧. સ્વ. મા. લીલબાઈ વેરશી આશારીયા દંડ
૨. સ્વ. મા. લક્ષ્મીબાઈ નેણશી લાલજી મોમાયા
૩. સ્વ. શા. લખમશી(બુધીયાબાપા) રાયમલ હીરપાલ ડાઘા.

ઉપાશ્રયના વિસ્તૃતિકરણ માટે આ જગ્યાઓ ખુબ જ ઉપયોગી થઇ છે. આ ત્રણે દિવંગત આત્માઓની આવી ઉચ્ચ વિચારસરણી તથા ભાવનાને વંદન સહ અનુમોદના.

*** સાધર્મિક ભક્તિના દાતા ***

દિવસ ૧: તા. ૨૦.૦૭.૨૦૨૩, સંપૂર્ણ દિવસ અઢાર અભિષેકના મુખ્ય લાભાર્થી મા. ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરીવાર

દિવસ ૨ઃ તા. ૨૧.૦૭.૨૦૨૩, સંપૂર્ણ દિવસ શ્રી સિધ્ધ ચક્ર મહાપુજનના લાભાર્થી સુશ્રાવિકા મધુબેન લહેરચંદ રતનશી ડાઘા

દિવસ ૩ : તા. ૨૨.૦૭.૨૦૨૩, સવારે નવકારશી તથા સાંજે ચોવિહાર, ધ્વજારોહણના મુખ્ય લાભાર્થી મા. ધનબાઈ પાસવીર ભાણજી ડાઘા સમસ્ત પરીવાર.

બપોરે સ્વામિ વાત્સલ્ય

શ્રી વરાડીયા ક દ ઓ જૈન મહાજન.

***અનુમોદના - આભાર- ક્ષમાયાચના***

(૧) મહોત્સવ દરમિયાન પધારેલા વરાડીયા નિવાસીઓ, નિયાણીબેનો, દાતા પરીવારના સગાં સંબંધીઓ તથા સ્નેહીજનો, અમારા આમંત્રણને માન આપી આજુબાજુના ગામોથી પધારેલા સાધર્મિક ભાઇઓ - બહેનો સર્વેનો વરાડીયા મહાજન અનુમોદના સહ આભાર વ્યક્ત કરે છે.

(૨) દેરાસરના સ્ટાફ મેનેજર સૌરભ લાલકા, પુજારી વિનોદ મોમાયા તથા કર્મચારી અનિરૂદ્ધસિંહ જાડેજા પણ સખત પરિશ્રમ કરી મહોત્સવના કાર્યમાં મદદરૂપ થયાં તે માટે અનુમોદના

(૩) મહોત્સવ દરમિયાન મનભાવન ભોજનીયાની ભોજનશાળામાં સુવ્યવસ્થા બદલ વરાડીયા ભોજનશાળાના કોન્ટ્રાકટર-શ્રી નરેન્દ્ર દામજી લોડાયાની ભુરી ભુરી અનુમોદના

(૪) ધ્વજારોહણ મહોત્સવ દરમિયાન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વરાડીયા મહાજનને મદદરૂપ થનાર સર્વેનો શ્રી વરાડીયા કદઓ જૈન મહાજન આભાર માને છે.

(૫) આ ધ્વજારોહણ મહોત્સવ દરમ્યાન વરાડીયા મહાજન /ટ્રસ્ટ બોર્ડ તરફથી કંઈ ભુલચુક કે અગવડતા થઈ હોય તો હૃદયપૂર્વક ક્ષમા યાચના અને મિચ્છામિ દુક્કડમ.

***

## જ્ઞાતિના છુપાયેલા રત્ન

આપણે આપણી જ્ઞાતિના છુપા રત્નો વિશે કેટલું જાણીએ છીએ? એકથી એક ચઢિયાતી પ્રતિભાઓ બાબત જ્ઞાતિજનોએ જરૂર જાણવું જોઈએ.

હીરાચંદભાઈ વિકમશી વીરચંદભાઈ ધરમશી લખમશીભાઈ ખોના વિશે કે પૂનાવાલા દ્વારા વિક્સાવવામાં આવેલી કોરોનાની રસીમાં ફાળો આપનારી દીકરીની થોડી ઘણી માહિતી છે. પણ પોંડીચેરી આશ્રમમાં રહેતા સુશ્રી ધનવંતીબેન વિસનજી નાગડા અને મા. રમીલાબેન લોડાયા વિશે તો હમણાં જાણવા મળ્યું.

મોટી ખાવડીના કલવા નિવાસી રમીલાબેન હિંમતલાલ હંસરાજ લોડાયાનું થાણાની કચ્છ અસ્મિતા મંચ દ્વારા નારીરત્ન એવોર્ડ એનાયત કરાયો ત્યારે જાણવા મળ્યું કે ૭૩ વર્ષ જેવી પાકટ વયે રમીલાબેન કેટલી બધી સંસ્થાઓ સાથે જોડાઈ સેવા કાર્ય કરી રહ્યાં છે.

શારદા વિદ્યામંદિર-થાણા, અન્નાસાહેબ આશ્રમ શાળા-કામણ, મધર ટેરેસા પ્રેમદાન-ઐરોલી, બાલગૃહ-ભીવંડી, વાત્સલ્ય ટ્રસ્ટ-કાંજુરમાર્ગ, વૃદ્ધાશ્રમ-ખડવલી, કન્યા આશ્રમ સાનપાડામાં છેલ્લા ૧૬ વર્ષથી સેવાભાવે પ્રવૃત્ત છે.

ધનવંતીબેન વિસનજી નાગડા-નલીયા પોંડીચેરીમાં બાળપણથી રહ્યા. મહર્ષિ અરવિંદ અને માતાજીના સાનિધ્યમાં બાળપણ વિતાવનારા ભાગ્યશાળી ધનવંતીબેન ચિત્રકળા, પેઈન્ટીંગ, શિલ્પ સંગીત, કાવ્ય સર્જન અને ભાષા અનુવાદ જેવા લલિત કળા અને સાહિત્ય સેવામાં પ્રવૃત્ત રહ્યાં હતા.

**– કેસરસિંહ ખોના**

## ફાઉન્ડેશનની જરૂરત




આપણી જ્ઞાતિમાં એવા જ્ઞાતિજનો પણ છે જેઓને સારી આવડત છે પરંતુ આર્થિક સ્થિતિના કારણે તેઓ પોતાનો વ્યવસાય/વ્યાપાર નથી ખોલી શકતા અને અમુક કારણોસર બેંક લોન નથી મેળવી શકતા. આવી વ્યક્તિઓ માટે એક એવા ફાઉન્ડેશન ખોલવામાં આવે જેમાંથી તેઓને આર્થિક મદદ મળે તો જ્ઞાતિ ઘણી આગળ વધશે.

**– અમૃતલાલ વીશનજી મોમાયા**
**સાંયરા(એરનાકુલમ)**

જય શ્રી અંબેમાતાય નમો નમઃ

**શ્રી સોની ગૌત્રના કુળદેવી શ્રી અંબા માતાજીની છઠ્ઠી (૬) સમુહ પહેડી (વાંકું- સાંયરા- જખૌ)**

સહર્ષ જણાવતા આનંદ થાય છે કે, વિક્રમ સંવત-૨૦૭૯- આસો સુદ આઠમ (૮) રવિવાર, તા.-૨૨/૧૦/૨૦૨૩, આઠમા નોરતાના શુભ દિવસે ભાંડુપ મુકામે રાખવામાં આવેલ છે. આ પાવન પ્રસંગે શ્રી અંબા માતાજીનો પેહડી પ્રસાદ લેવા તથા ભક્તિ કરવા મુંબઈ તેમજ બહારગામમાં વસતાં સોની પરિવારના ભાવિકો તેમજ નિયાણી-દીકરીઓને સહકુટુંબ પધારવા શ્રી અંબા મા સોની પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી ભાવભર્યુ આમંત્રણ.

(સંપૂર્ણ પહેડીનો અમુલ્ય લાભ લેનાર લાભાર્થી પરિવાર)

**માતુશ્રી સુશીલાબાઈ રતનશી સોની પરિવાર**

**સાંયરા હાલે-જલગામ**

**શુભ સ્થળ :** મેવાડ કેસરી ભવન, બીજે માળે, લખી હાઉસ ગુરૂદ્વારાની સામે, એલ.બી.એસ રોડ, ભાંડુપ (વેસ્ટ), ૪૦૦૦૭૮. **વેલે પાર્કિંગ ની વ્યવસ્થા છે.**

**શુભ સમય : સવારના :- ૯.૩૦ કલાકે**

**ખાસ વિનંતી :** બહારગામથી પધારનાર ભાવિકોને અગાઉથી જાણ કરવા નમ્ર વિનંતી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**સંપર્કઃ મેહુલ સોની-9819118329, 9769528329**
**કેતન સોની - 9920056799**
**લહેરચંદ સોની - 9594671420, 9082013159**
**વિજય સોની - 9594692692**
**ધિરેન સોની - 8879155051**

!!ભુવા ભાઈશ્રી મેહુલભાઈ સોનીના જય માતાજી !!

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**જુની સાચી જરી ક્યાં વેચવાની....?**
**KDO સમાજની મુંઝવણ અને તેનો સાચો ઉકેલ...!**

**ગભરાઓ નહીં, આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન, 'પાંજી દુકાન' મહાવી સારીઝ (સાંતાક્રુઝ-વેસ્ટ)**

- જુની સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- જુનાં સાચી જરીના ઘરચોળા-બોર્ડર
- સાચી જરીના સેલા, કાંજીવરમ તથા પૈઠણી
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદીરનાં ચંદરવા-પોઠીયા
- છુટ્ટી સાચી જરીની ટીકી-સુરમો-કસબ તથા ઘુઘરી
- અમારી દુકાને વેંચવા લઈ આવો ને સંતોષકારક વળતર મેળવો.
- બીજે ક્યાંય જતાં પહેલા અવશ્ય અમારી દુકાનની મુલાકાત લો.
- અગર તમે અમારી દુકાને ન આવી શકતા હો તો અમને એક ફોન કરો, અમે તમારા ઘરે આવીને તમારી જુની જરીની Item પ્રમાણે રોકડા રૂપિયા આપીશું.
- ગ્રાહક ને ફાયદો વધારે થાય તેવી માત્ર એક દુકાન.
- **Free Home Visit any where any time**
- રોકડા પૈસા-તરત જ ફાઈનલ-સંતોષકારક વળતર

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨, સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
**M. : 91371 46272 / 96195 54801 (રવિવાર બંધ)**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

# મુંબઈના મહાનાયક અને દાનવીર જ્ઞાતિ મુકુટ મણી શેઠ કેશવજી નાયક



આજથી ૧૮૮ વર્ષ પહેલા મુંબઈના દરિયા કિનારે એક તરૂણ આપઘાત કરવા જાય છે, પરંતુ એ વખતે દરિયામાં ઓટ હોવાથી એ યુવક રેતીમાં ઊંઘી ગયો. એના માથેથી રાત પસાર થઈ, અને ઘાત પણ ટળી ગઈ. બીજા દિવસે સવારે એક શેઠ સાથે તેનો ભેટો થયો અને એ યુવકના નસીબ આડેથી જાણે પાંદડું ખસી ગયું. એ પછી તે મુંબઇનો મહાનાયક અને દાનવીર શેઠ કેશવજી નાયક કેવી રીતે બન્યો એ હવે જાણીએ.

મુંબઇમાં વસતા અને એ સિવાયના ઘણા લોકોએ શેઠ શ્રી કેશવજી નાયકનું નામ તો જરૂર સાંભળ્યું હશે. મુંબઈના ચીંચબંદર વિસ્તારમાં કેશવજી નાયક રોડ આવેલો છે. આ વિસ્તારમાં ભાત બઝારમાં કેશવજી નાયક ફાઉન્ટન અને ક્લોક ટાવર છે જે મુંબઈના હેરિટેજ સ્થાપત્યોમાંથી એક છે. ૧૩૯ વર્ષ પછી આ ફુવારાનું નવીનીકરણ કરીને તારીખ ૮મી માર્ચ ૨૦૧૫ના રોજ મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

એમણે મજદુરો માટે ગિરગાંવમાં ચાલો ઉભી કરી હતી. મુંબઈમાં કેશવજી નાયકની ચાલ છે; ત્યાંથી લોકમાન્ય તિલકે ઈ. સ. ૧૮૯૩માં મુંબઈના સૌ પ્રથમ સાર્વજનિક ગણપતિ ઉત્સવ ઉજવવાની શરૂઆત કરી હતી.

એ વખતે શ્રી શત્રુંજય પર્વત ઉપર શેઠ નરશી કેશવજી અને કેશવજી નાયકની ટૂંક તેમજ પાલિતાણામાં જૈન ધર્મશાળા અને કચ્છના કોઠારામાં ભવ્ય જિનાલયનું નિર્માણ/પ્રતિષ્ઠા એવા અનેક સુકૃત કરનાર આ શેઠના જીવનની કથા ખુબજ રસપ્રદ અને પ્રેરક છે.

સૌપ્રથમ આપણે શેઠ શ્રી કેશવજી નાયકની સાત પેઢીનો પરિચય મેળવીએ. જો કે એ પહેલાં અહીં આપણે એક સ્પષ્ટતા કરી લઈએ કે કેશવજી શેઠના પિતાનું નામ નાયક હતું એટલે નાયક એમની અટક નહીં પરંતુ પિતાનું નામ છે.

શેઠશ્રી કેશવજી નાયક, તેમના સુપુત્ર શેઠશ્રી નરશી કેશવજી, ત્રીજી પેઢીએ શેઠશ્રી જેઠાભાઈ નરશી ચોથી પેઢીના શેઠશ્રી નાયક જેઠાભાઈ અને પાંચમી પેઢીએ દિનેશભાઈ નાયક જેઓ હાલ મુંબઈ રહે છે. તથા પાલીતાણામાં આવેલ શેઠ કેશવજી નાયક ધર્મશાળાનો વહીવટ ઉપરાંત બીજી સેવાકીય પ્રવૃત્તિ કરી રહ્યાં છે.

દિનેશભાઇનો પુત્ર કેકિન તેમજ નાયક જેઠાભાઈના બીજા પુત્રો શ્રી વિજયભાઈ તથા શ્રી જનકભાઈ અને તેમનો પરિવાર તથા અન્ય કુટુંબીજનો અમેરીકા રહે છે.

આજથી લગભગ ૧૭૫ વર્ષ પહેલા શેઠ કેશવજી નાયક મુંબઈના શાહ સોદાગર હતા. તેમણે ઈસવીસન ૧૮૬૦માં પોતાના પુત્રના નામે ચીનના હોંગકોંગમાં નરશી કેશવજી નામની પેઢી સ્થાપી હતી. ચીનમાં આ સર્વ પ્રથમ ભારતીય કંપની હતી. વિક્રમ સંવત ૧૯૧૯ માં તેમણે બેન્ક ઓફ ઈન્ડિયા લી. જે પહેલા ખોજા બેન્ક કહેવાતી તેની સ્થાપના કરી હતી. આ ઉપરાંત બીજી બેંકો અને કેટલીક મિલોની પણ મુંબઈમાં સ્થાપના કરી હતી.

મુંબઈના કોલાબા વિસ્તારમાં દરિયો પૂરીને બંદર બાંધવાનું કામ પણ તેમણે કર્યુ હતું. આજથી ૧૬૦ વર્ષ પહેલાં કેશવજી શેઠ મુંબઈમાં ચાર ઘોડાની બગીમાં અવર જવર કરતા હતા. તેમની ગાડીનો કોચવાન અંગ્રેજ હતો.

અંગ્રેજોના શાસનકાળમાં તેમના સખાવતી કાર્યો જોઈ અંગ્રેજો તરફથી તેમની સરનો ઈલકાબ મળ્યો હતો. કેશવજી શેઠ મુંબઈની ન્યાય સમિતિના અગ્રણી હોવાના કારણે તેમની બગી મુંબઈની જેલ પાસેથી પસાર થાય તો એ સમયે મુંબઈની જેલમાં જો કોઈ કેદીને ફાંસીની સજા આપવાની હોય તો તે રદ થતી હતી.

શેઠ કેશવજી નાયકે પોતાના વતન કોઠારા (કચ્છ)માં એ જમાનામાં લાખો રૂપિયાના ખર્ચે ત્રણ દાતા સાથે મળીને ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું. આ ઉપરાંત શત્રુંજય પર્વત ઉપર શેઠ નરશી કેશવજી ની ટૂંક અને ત્યારબાદ તેમના સુપુત્ર નરશી શેઠએ શેઠ કેશવજી નાયકની ટુકનું નિર્માણ કરાવ્યું હતું. તેમણે પાલીતાણામાં એક ધર્મશાળાનું પણ નિર્માણ કરાવ્યું હતું.

આ ઉપરાંત શેઠ શ્રી કેશવજી નાયક દ્વારા જિનશાસનના પ્રત્યેક અંગની સેવા કરવામાં આવી હતી.

મેં અગાઉ કહ્યું તેમ શેઠ શ્રી કેશવજી નાયકની જીવનકથા ખૂબ રસપ્રદ અને પ્રેરક છે. એટલે આપણે તેમના જન્મ પછીનો ઘટનાક્રમ જોઈએ.

સંવત ૧૮૭૫ એટલેકે ઈ. સ. ૧૮૧૮ માં કચ્છના લાખણિયા ગામે નાયક મણશીના ઘરે હીરબાઈની કૂખે પુત્ર રત્નનો જન્મ થયો. તેનું નામ કેશવજી રાખવામાં આવ્યું. કેશવજી પાંચ વર્ષનો થયો એ અરસામાં તેના પિતા નાયકનું અવસાન થયું. યુવાન વયે માતા હીરબાઈ વિધવા થયા. પરંતુ એ માતાએ હિંમત હાર્યા વગર મહેનત-મજૂરી કરીને પુત્રનું પાલન-પોષણ કરવા માંડ્યું. હીરબાઈ નાનકડા કેશવજીને લઈને પોતાના પિયર કોઠારા રહેવા આવી ગયા.

**માત્ર દસ વર્ષની ઉંમરે મામાની આંગળી પકડીને મુંબઈ આવ્યા.**

કેશવજી મોસાળમાં મોટો થવા લાગ્યો. ૧૦ વર્ષની ઉંમરે મામા પદમશી નેણશી અને શિવજી નેણશીની આંગળી પકડીને વહાણમાં બેસીને તે મુંબઈ આવ્યો. એ વખતે ભારત પર અંગ્રેજોનું શાસન ચાલતું હતું. મુંબઈ જવું એ વિલાયત જવા બરોબર હતું.

હું નાનો હતો ત્યારે ૪૫ વર્ષ પહેલા સુધી મેં જોયું છે કે દેશમાંથી (ગામમાંથી) મુંબઈ જનાર વ્યક્તિને કપાળે ચાંદલો કરી હાથમાં શ્રીફળ આપી તેની આરતી ઉતારીને વિદાય આપવામાં આવતી હતી અને હવે તો વર્લ્ડ ટૂર પર જવાની પણ કોઈ નવાઈ રહી નથી.

**કેશવજીએ ગુસ્સામાં શાહીનો ખડિયો ચોપડા પર ઊંધો વાળી દીધો, પછી?**

નાનકડો કેશવજી મોટા સપના લઈને મુંબઈ આવ્યો. એ સાહસિક અને બુદ્ધિશાળી હતો. થોડું-ઘણું ભણીને લખતા વાંચતા અને હિસાબ કિતાબ કરતા પણ શીખ્યો હશે.

શરૂઆતમાં કેશવજીએ શેઠ શીવજી નેણશીની પેઢીમાં નોકરી કરી હતી. એ પછી કેશવજી ભણવા સાથે પોતાના મામાની પેઢીમાં પણ કામ કરતા હતા.

એ દરમિયાન એમ કહેવાય છે કે મામાના પુત્રએ એક દિવસ જરીવાળા કપડા પહેર્યા હતા. એ જોઈને કેશવજીને પણ તેવા કપડાં પહેરવાનું મન થયું. તેણે તેવા કપડાં લેવાની માતા પાસે જીદ કરી. માતાએ પરિસ્થિતિ સમજાવી પરંતુ મામાના પુત્ર જેવો કિંમતી પોશાક નહીં પહેરી શકવાથી કેશવજી ઉદાસ રહેવા લાગ્યા હતા.

આ દરમિયાન મામાની પેઢીમાં ચોપડા લખતા કેશવજીથી કોઈ ભૂલ થઈ એટલે મામાએ ઠપકો આપ્યો. કેશવજીએ ગુસ્સામાં શાહીનો ખડિયો ચોપડા પર ઊંધો વાળી દીધો.

ગુસ્સામાં ને ગુસ્સામાં આવો ગંભીર ગુન્હો કરીને કેશવજી ઘરે જવાને બદલે જીવન ટૂંકાવી નાખવા માટે સીધો દરિયા બાજુ ભાગ્યો. હવે ઘરે પાછું ફરાય તેવી પરિસ્થિતિ ન હતી. સદભાગ્યે દરિયામાં પણ ઓટ હતી. કેશવજીએ મનમાં વિચાર્યું હશે કે ભરતી આવે એટલે દરિયામાં સમાઈ જવું. આમ વિચારતા વિચારતા એ રેતીમાં આડો પડ્યો અને ક્યારે ઊંઘ આવી ગઈ એ તેને ખબર ન રહી.

સવાર પડતાં એક ભાટિયા શેઠ ઝવેરી દેવજી શિવજી ત્યાં સમુદ્રના કિનારે ટહેલવા નીકળ્યા હતા. તેમની નજર કેશવજી પર પડી. આ ભાટિયા શેઠને એક જ્યોતિષીએ કહ્યું હતું કે તમે કોઈ બીજાના નામે ભાગીદારીમાં વેપાર કરો તો તમને ફાયદો થશે. એટલે તેઓ કેશવજીને પોતાની સાથે લઈ ગયા.

**શેઠ કેશવજી નાયકના નસીબ આડેથી પાંદડું ખસી ગયું.**

દરમિયાન બન્યું એવું કે વિલાયત જતું એક વહાણ સફર રદ થતાં મુંબઈ બંદરે લાંગર્યું. તેમાં ભરેલી ખારેકનું લીલામથી વેચાણ થતાં, પોતાની પાસે પૈસા ન હોવા છતાં કેશવજીએ તે લીલામીમાં બોલી બોલીને એ માલ ખરીદી લીધો. ભાગ્ય જોગ ભાટિયા શેઠ ઝવેરી દેવજી શિવજીની સમયસર નાણાકીય સહાય મળી ગઈ અને ત્રણ દિવસમાં જ કેશવજીએ તે માલને રૂપિયા ૮,૦૦૦ ના નફાથી વેચી નાખ્યો.

એ વખતે કેશવજી ના હાથમાં ૪,૦૦૦ રૂપિયા નફાના આવ્યા અને તે કેશવજીમાંથી તે શેઠ કેશવજી નાયક બની ગયા. એ પછી જેતસી જીવરાજ તેરાવાળા તથા ગુર્જર દેવજી શેઠની સાથે શેઠ કેશવજી નાયકે ભાગીદારીમાં ધંધો કર્યો હતો.

ઈસવીસન ૧૮૩૮ માં Sheth Keshvaji Nayak ના પ્રથમ લગ્ન સુથરીના વેરસી પાસુના બહેન પાબુબાઈ સાથે થયા. એ પછી માતા હીરબાઈનું અવસાન થયું. પાબુબાઈથી કેશવજીને વિ. સં. ૧૮૯૬, ઈસવીસન ૧૮૩૯માં પુત્ર નરશી અને વિ. સં. ૧૯૦૦માં પુત્રી તેજબાઈનો જન્મ થયો. શેઠ કેશવજી નાયકના બીજા પત્ની માંકબાઈ હતા. ત્યારબાદ તેઓ વીરબાઈ સાથે પણ પરણ્યા હતા. માંકબાઈએ ત્રિકમજીને જન્મ આપ્યો પરંતુ તે અલ્પજીવી થયો. વીરબાઈ

સાથે કેશવજી નાયકને જાજો મેળ ન હતો.

૨૫ વર્ષની ઉંમરે સન ૧૯૦૦, ઇસવીસન ૧૮૪૩માં શેઠ કેશવજી નાયક પોતાના મામા શિવજી નેણશીએ પેઢી શરૂ કરતાં તેમની સાથે ભાગીદારીમાં જોડાયા હતા.

ઈ. સ. ૧૮૫૨માં તેમણે ચીન અને આફ્રિકામાં પેઢીઓ સ્થાપી હતી. ચીન સાથે અફીણનો વેપાર ધમધોકાર ચાલી રહ્યો હતો.

**લોકોએ ગાદલાં ગોદડામાંથી રૂ કાઢીને કેમ વેચી દીધું?**

એ દરમિયાન ઈ. સ. ૧૮૬૨ માં અમેરિકામાં ગૃહયુદ્ધ ફાટી નીકળ્યું હતું. રુના ભાવ આસમાને ગયા હતા. રુના વેચાણમાં એવી તેજી આવી કે લોકોએ ગાદલાં ગોદડા માંથી પણ રુ કાઢીને વેચી દીધું. પૈસા ખૂબ આવ્યા એટલે બેન્કો, ફાઇનાન્શિયલ કોર્પોરેશનો ધડાધડ ખૂલવા લાગ્યા. આ વખતે કેશવજી શેઠે બેન્કો અને નાણાકીય સંસ્થાઓ સ્થાપી હતી.

એ અરસામાં કેશવજી શેઠે ભાગીદારીમાં અને તેમના પુત્ર નરશી શેઠે પાંચ લાખ રૂપિયાનું રોકાણ કરીને કાપડની મિલો સ્થાપી હતી જેનું નામ શ્રી નરશી સ્પીનીંગ એન્ડ વીવીંગ મિલ્સ લી. છે. હાલ તે મિલનું નામ ન્યુ કેશરે હિંદ મિલ્સ લી. છે અને તે નરશી મિલ તરીકે પણ ઓળખાય છે.

**મુંબઈના અંગ્રેજ ગવર્નરે શેઠ શ્રી કેશવજી નાયકની મુલાકાત માંગી**

કેશવજી શેઠે મુંબઈમાં જમીનોમાં પણ ખૂબ રોકાણ કર્યું હોવાથી તેઓ મોટા જમીનદાર પણ કહેવાતા હતા. મુંબાઈના કલેર, કર્ણાક, મસ્જીદ, એલફિન્સટન વગેરે બંદરો તથા વિશાળ જાગીરો તેમના કબજામાં હતી. એ વખતે બ્રિટિશ સરકારે પ્રાઇવેટ બંદરો સરકાર હસ્તક લેવાની જાહેરાત કરતાં મુંબઈના ગવર્નર સર સાઈમુર ફીટ્ઝજીરાલ્ડ એ પત્ર લખીને કેશવજી શેઠની મુલાકાત માંગી હતી.

ગવર્નર જ્યારે શેઠના નિવાસસ્થાને ગયા ત્યારે કેશવજી શેઠે નેપિયન્સી રોડ પર પોતાના બંગલાથી લઈને મસ્જીદ બંદરના પૂલ સુધી વિશાળ મંડપ બંધાવી ગવર્નરનું શાનદાર સ્વાગત કર્યું હતું. અંગ્રેજ ગવર્નર પણ કેશવજી શેઠનો વૈભવ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો હતો.

એ જમાનામાં કેશવજી શેઠ પોતાના નેપિયન્સી રોડ પરના બંગલાથી માંડવીમાં પોતાની દુકાન સુધી ચાર ઘોડાની બગીમાં જતાં આવતા હતા. તેમની બગીનો કોચમેન અંગ્રેજ હતો. શેઠ શ્રી કેશવજી નાયકનો સુર્ય મધ્યાહ્ને તપતો હતો ત્યારે મુંબઈથી ભાવનગર સુધી દરિયાઈ માર્ગે શત્રુંજય સુધી અને ત્યાંથી સડક માર્ગે કચ્છના કોઠારા સુધીનો એક લાખ કરતાં પણ વધારે યાત્રિકો સાથેનો ભવ્ય સંઘ તેમણે કાઢ્યો હતો.

શેઠ શ્રી કેશવજી નાયક દ્વારા વિ. સં. ૧૯૨૧ ની મહાસુદ ૭ ને ગુરુવારે પાલિતાણામાં પ. પૂ. શ્રી રત્નસાગર સૂરિની નિશ્રામાં ૭૦૦૦ જિનબિંબોની પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ૧૨ દિવસ સુધી અંજનશલાકા મહોત્સવ ઉજવાયો હતો. પાલિતાણામાં રેકોર્ડ બ્રેક માનવ મહેરામણ ઉમટ્યો હતો.

મહા સુદ ૧૩ ને બુધવાર ના દિવસે શત્રુંજય ગિરિરાજ પર નરશી કેશવજીની ટૂકમાં મૂળનાયક શ્રી અભિનંદન સ્વામી તથા પાલિતાણાની Sheth Keshvaji Nayak જૈન ધર્મશાળાના જિનાલયમાં ચૌમુખ પ્રતિમાજી સહિત અનેક જિનબિંબો પધરાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શેઠ શ્રી કેશવજી નાયકે એ જમાનામાં રૂપિયા ૧૫ લાખનો ખર્ચ કર્યો હતો અને એક લાખ રૂપિયા સાધારણ ખાતે શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીમાં ભર્યા હતા

**શેઠ શ્રી કેશવજી નાયક ના જીવનનો સાર**

આ મહાનાયક અને દાનવીર શેઠના જીવનમાં અનેક ચડાવ ઉતાર આવ્યા હતા. અંત સમયે પરિસ્થિતિ પહેલા જેવી બિલકુલ ન હતી. શેઠના વંશ-વારસોની સ્થિતિ પરિસ્થિતિ પણ બદલાતી રહી હતી. પરંતુ સારા સમયમાં કમાયેલી લક્ષ્મીનો Sheth Keshvaji Nayak અને તેમના વારસદારોએ સદુપયોગ કરીને જે અમરકીર્તિ પ્રાપ્ત કરી એ એમના જીવનનો સાર છે, એ આપણે ન ભૂલવું જોઈએ.

**– સંકલિત**

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી
**સોનલ આર્ટ** (થાણા) Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેનાના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર



તા. ૨૩.૦૭. ૨૦૨૩ શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હોલમા સાવન મહોત્સવ-૨૦૨૩ રાખવામાં આવેલ. બેસ્ટ ડ્રેસ, નૃત્ય, હાઉજી અન્ય પ્રતિયોગિતા રાખવામાં આવેલ. સાવન ક્વીનઃ સૌ. શીતલ અનિલ લોડાયા, રનરઅપ : સૌ. ભવ્યા અમિત જીવાણી, માઈન્ડ ગેમઃ સૌ. પ્રીતિ પ્રવિણ મૈશેરી, રનરઅપ : સૌ. કલ્પના ચેતક શાહ (લોડાયા) વિજેતા રહ્યાં.

કાર્યક્રમમાં સૌ. પૂજા હિતેશ મોમાયા, સૌ. દીપા નયન છેડા, સૌ. સુનયના અમિત મૈશેરીએ મહેનત કરી કાર્યક્રમને સફળ બનાવેલ.

### કેડીઓ અમ્પાયર મીતેન લોડાયા



બીસીસીઆઈની અમ્પાયરીંગ માટેની લેવલ-૨ પરીક્ષા પાસ કરી ક્રિકેટ અમ્પાયરીંગ ક્ષેત્રમાં સર્વ પ્રથમ કેડીઓ બાંઢિયાના વડોદરા નિવાસી મિતેન કેતનભાઈ લોડાયાએ ઈતિહાસ સર્જ્યો છે. અમ્પાયરીંગ પરીક્ષા પાસ કર્યા બાદ આગામી બીસીસીઆઈ ક્રિકેટીંગ સીઝનમાં અમ્પાયર બની શકશે.

### ગૌરવ કેટરર્સને 'પર્લ ઓફ હૈદરાબાદ' એવોર્ડ

તેલંગાણા ચેમ્બર્સ ઓફ ઈવેન્ટ ઈન્ડસ્ટ્રીઝ (ટીસીઈઆઈ) દ્વારા હૈદરાબાદના પ્રતિષ્ઠીત ગૌરવ કેટરર્સને વર્ષ ૨૦૨૩નો શ્રેષ્ઠ કેટરર્સ (પર્લ ઓફ હૈદરાબાદ) એવોર્ડ એનાયત કરાયો છે. સ્મરણીય છે કે ગૌરવ કેટરર્સ વરાડીયાના હૈદરાબાદ નિવાસી મણિકાંતભાઈ મેઘજી મોમાયા દ્વારા સ્થાપિત કરવામાં આવ્યું છે.

### સતીષભાઈ નાગડાને રક્તદાન સર્ટીફિકેટ

પરજાઉના તીરૂપુર નિવાસી સતીષભાઈ હંસરાજ નાગડાને મયુચ્ચી મક્કલ અમાઈપુ સંસ્થા દ્વારા આયોજીત રક્તદાન શિબીરમાં રક્તદાન કરવા બદલ સરકારી મેડીકલ કૉલેજના પેથોલોજી વિભાગના વડો ડૉ. વૈદ્ય દ્વારા એપ્રીસિએશન સર્ટીફિકેટ દ્વારા સન્માનિત કરાયા હતા.

### નવા કેડીઓ યોગ શિક્ષક

નલિયાના મુંબઈ નિવાસી કુ. કૃતિકા પૂર્ણિમા/જીગ્નેશ કુસુમકાંત નાગડા (શાહ)એ યોગનો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરતાં આયુષ મંત્રાલયનું માન્યતા પ્રાપ્ત સર્ટીફાઈડ યોગ પ્રશિક્ષક પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું છે.

### KDO LOVe નો શુભારંભ

છેલ્લા બેથી પણ વધુ દાયકાઓથી લોખંડવાલા, ઓશીવરા તથા વરસોવા વિસ્તારમાં વસેલા કચ્છી દશા ઓસ્વાલ સમાજના સભ્યોને જ્ઞાતિ ગૌરવ તથા પ્રેમના સૂત્રે બાંધનાર ગ્રુપ KDO LOVe (Lokhandwala-Oshiwara- Versova)ની વિધિવત સ્થાપના તા. ૨૨/૦૭/૨૦૨૩ ના દિને કરવામાં આવી. જેનું પ્રથમ સ્નેહમિલન, ઓશીવરા ખાતે મળ્યું હતું જેમાં, આ વિસ્તારના પંદર કુટુંબોએ હોંશભેર હાજરી આપી હતી. આ ગ્રુપ શરૂ કરવાનું વિચારબીજ શ્રીમતી અંજના જયંતિલાલ ગોશર (ગામ બાયઠ) નું હતું. આ પ્રસંગે અચલગચ્છના અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાળી માતાની ભાવના આયોજિત કરવામાં આવી હતી. ભાંડુપના અનંતનાથ મિત્ર મંડળે ભક્તિનો માહોલ જમાવ્યો હતો.

### શ્રી પારોલા કદઓ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રીસંઘ

પારોલા તીર્થમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પારોલાતીર્થોદ્ધારિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્ય ખાનદેશરત્ના પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. એ પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.ની નિશ્રામાં જિનશાસન શિરોમણી, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસુરીશ્વજી મ.સા.ની તૃતીય પુણ્યતિથીએ શ્રી નેમીનાથદાદાનો જન્મદિક્ષા કલ્યાણક ઉજવવામાં આવ્યો. ચાતુર્માસાર્થે બહારગામથી આવેલ આરાધક ભાઈ-બહેનોએ અઠ્ઠમતપની આરાધના સારી સંખ્યામાં સાતાપૂર્વક કરેલ.

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ**

**કારોબારી કમિટી વર્ષ ૨૦૨૩-૨૪**

(૧) શ્રી પ્રતાપ નારાયણજી દંડ-મેનેજીંગ ટ્રસ્ટી અને પ્રમુખ (૨) શ્રી શાંતિલાલ મુળજી સાવલા-પ્રથમ ઉપપ્રમુખ (૩) શ્રી હિરેન કુંવરજી શાહ-દ્વિતીય ઉપપ્રમુખ (૪) શ્રી રજનીકાંત ધરમશી પારેખ-માનદ્‌મંત્રી (૫) શ્રી વિમેશ ગુલાબચંદ લોડાયા-ખજાનચી (૬) શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી-સહખજાનચી.

**સખીવૃંદ - પુના**



૧લી જુલાઈ ૨૦૨૩ ના મંડળની ૩૦ મી વાર્ષિક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય ''ફ્રેન્ડશીપ'' હતો. તથા એનું સંચાલન સોનલબેન લોડાયાએ કર્યું હતું. પ્રમુખશ્રી મીતાબેન લાલકાએ સર્વે સખીઓને આવકાર્યા. સોનલબેન લોડાયાએ SVMMની પહેલી કમિટીની રચનાના સાથીદારોનો પરિચય કરાવ્યો. પીપીટી દ્વારા SVMM ની ૩૦ વર્ષની સફરની ઝલક સર્વે સખીઓએ માણી. સેક્રેટરી લેખા માલદેએ વર્ષનો અહેવાલ રજુ કર્યો, ખજાનચી ચાંદની લોડાયાએ હિસાબ રજુ કર્યો.

**બેસ્ટ રચિત મિટિંગમાં :** ૧) કોમલબેન ધરમશી, (૨) મોહિનીબેન લોડાયા. **બેસ્ટ યોજીત શ્રેણીમાં:** (૧) રિદ્ધિમા શાહ, **પોપ્યુલર મીટીંગની ટ્રોફી :** (૧) કોમલબેન ધરમશી, (૨) સોનલબેન લોડાયાને સન્માનિત કરવામાં આવ્યા. ઈન્સ્ટોલેશન સેરેમની હીનાબેન રતાણી દ્વારા કરાવામાં આવી.

૨૦૨૩-૨૦૨૫ ની કારોબારી સમિતિમાં પ્રમુખ- કોમલ ધરમશી, ઉપપ્રમુખ-લેખા માલદે, સલાહકાર- મીતા લાલકા, સેક્રેટરી- ચાંદની લોડાયા, ખજાનચી- સોનલ લોડાયા, મેમ્બર-વિનલ લાલકા, વૈશાલી મૈશેરી.

નિવૃત થતા સલાહકાર કલ્પનાબેન લાપસીયા તથા પ્રમુખ મીતાબેન લાલકાએ વક્તવ્ય આપ્યું. નવા પ્રમુખ કોમલ ધરમશી દ્વારા આ વર્ષના ડિજિટલ ઈનોવેશનની ઘોષણા કરવામાં આવી. રિદ્ધિમા શાહે આભાર માન્યો.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ**

શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટના ઉપક્રમે અનંત લેબની સ્થાપના દિવસને ૬ વર્ષ પુર્ણ થતા કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિજનો માટે રક્ત તપાસણી કાર્યક્રમમાં ૭૫ થી વધુ મુલુંડ તથા આજુબાજુના પરિસરના લોકોએ લાભ લીધો. રવિવાર તા ૧૬/૦૭/૨૦૨૩ ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કુમારભાઈ બાબુભાઈ દંડ, ટ્રસ્ટી શ્રી વિજયભાઈ સોની, ડો. હેતલ નાગડા, ડો. હરીશ લાપસિયા અને અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી મનોજભાઈ લોડાયા, અને અમદાવાદથી આપણા અનંત લેબની મુલાકાત લેવા માટે પ્રમુખ જીતેન્દ્ર ખોના , ઉપ પ્રમુખ તિલક ખોના (ભારાણી), સચિવ રાજેશ ધરમશી, સંયુક્ત સચિવ કેતન લોડાયા આદિ મહાનુભાવો પણ પધાર્યા હતા અને સર્વે મળી દીપ પ્રાગટય કરી, અનંતનાથ દાદાની જય બોલાવી જ્ઞાતિ શિરોમણી નરશીનાથાની છબીને હાર અર્પણ કર્યા.

**શ્રી ચિંતામણિ પાર્શ્વધામ-ગદગ**

ગદગના શ્રી ચિંતામણિ પાર્શ્વધામની ૧૦૯મી સ્થાપના અને ધ્વજા મહોત્સવ નિમીતે જૈન સેવા સમિતિના નેજા હેઠળ તા. ૨૭મી જુલાઈના મહા અન્નપ્રસાદ આયોજન કરવામાં આવેલ. જેનો લાભ ૪૫૦૦ લોકોએ લીધેલ. રાજસ્થાની દેરાસરમાં ચાતુર્માસ માટે પધારેલ પ.પૂ. સાધ્વીજી મ.સા.એ પણ ગોચરીનો લાભ આપેલ તથા આશિર્વાદ આપેલ. વિધાનપરિષદના મેમ્બર શ્રી એસ. વિ. સંકનુર, ગદગના યુવા કોંગ્રેસ નેતા શ્રી કૃષ્ણગૌડા પાટીલ અને બીજા ગણમાન્ય વ્યક્તિ હાજર હતા.

**શ્રી અંકુશ મિત્ર મંડળ-ડોંબિવલી (વેસ્ટ)**

ડોંબિવલી (વેસ્ટ) ગાંવદેવી આનંદનગર જયહિંદ કોલોની વિસ્તારમાં રહેતા કદઓ જ્ઞાતિજનો, શ્રી અંકુશ મિત્ર મંડળ દ્વારા આ વર્ષે-૨૦૨૩ પણ નવરાત્રિનું આયોજન કરવામાં આવેલ છે. નવરાત્રિ ઉત્સવની બાબતમાં ચર્ચા કરવા સભાનું આયોજન તા. ૧૦.૯.૨૦૨૩ રવિવારના સાંજે ૭ થી ૧૧ ક. ગંગારામ ભોઈર બિલ્ડીંગ, ૩જે માળે, નવરાત્રિ ચોકમાં રાખવામાં આવેલ છે. કાર્યકર્તા : અરવિંદ બાબુલાલ ધરમશી-૯૩૨૦૯૫૧૨૬૩, મહેશ જયંતીલાલ ધુલ્લા-૮૬૫૭૨ ૦૭૪૭૯.

## વતનના વર્તમાન
### સંકલન : કેસરસિંહ ખોના

### પ્રબોધ મુનવરને ચેન્જમેકર ઓફ ઈન્ડીયા એવોર્ડ



ગ્રીનપ્રેન્યોર દ્વારા માનવજ્યોત સંસ્થા ભુજનાં શ્રી પ્રબોધ મુનવરને 'ચેન્જમેકર ઓફ ઈન્ડીયા એવોર્ડ' તેમની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની નોંધ લઈ રાજ્ય કક્ષાનાં સહકાર અને મીઠા ઉદ્યોગ વિભાગનાં મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માનાં વરદ્‌હસ્તે અર્પણ કરાયો હતો.

આ પ્રસંગે વ્યાપાર જગતનાં શ્રી પ્રવિણભાઈ પરમાર, ડૉ. ક્રિષ્ના આર્ય, કચ્છના પબીબેન રબારી, હુન્નર શાળાનાં મહાવીર આચાર્ય સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### નલીયાના હાજાસર સહિત અનેક તળાવ ઓગન્યા

નલીયાના ઐતિહાસિક તળાવ ઉપરાંત કચ્છના ભુજ તથા નખત્રાણા વિસ્તારના અનેક તળાવ ઓગની ગયા છે જેમાં મંગવાણાનો જીવણસર, નખત્રાણાનો ધોળો અને રામેશ્વર માંડવીનો સહુથી મોટોડેમ વિજયસર, લુડવા ડેમ, ભુજનું ઉમાસર વગેરે તળાવો, ડેમ ઓગની જતાં બધાને જે તે ગામના આગેવાનોએ શાસ્ત્રોક્ત વિધિથી તળાવોને વધાવ્યા હતા.

### રાષ્ટ્રીય લોકનૃત્ય સ્પર્ધામાં ગજીયાની બોલબાલા

હિમાચલ પ્રદેશની ફીલ ફીટ ફોરમ દ્વારા દર વર્ષે યોજાતી રાષ્ટ્રસ્તરીય લોકનૃત્ય સ્પર્ધામાં પૂર્વી લોક કલા કેન્દ્રે પ્રથમ સ્થાન અંકે કર્યું હતું. હાલમાં યોજાયેલ ૩૫મી વાર્ષિક સ્પર્ધામાં ૫૧ સંસ્થાઓ સહભાગી થઈ હતી. ભુજના ગણેશનગરની રબારી અને ગઢવી બહેનોના ટિપ્પણી અને બેડાને મિક્સ કરી 'ગજીયા' લોકગીત આધારિત નૃત્યે સહુને મોહી લીધા હતા. એટલું જ નહીં, બહેનોએ ધારણ કરેલા કચ્છના એથનિક પરિધાન અને હિમાચલના સોલન શહેરમાં નીકળેલી શોભાયાત્રાએ પણ કચ્છની પૂર્વી લોક કળા કેન્દ્રે પ્રથમ સ્થાન અંકે કર્યું હતું.


Exclusive Embroidery & Upto date Finishing

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976 Follow us on


### રાજ્ય હસ્તકળા પુરસ્કારમાં નવ કચ્છી વિજેતા

ગુજરાત રાજ્ય ઉદ્યોગ અને ખાણ વિભાગે વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨ના હસ્તકળા પુરસ્કાર જાહેર કર્યા છે. તે મુજબ ૧૧ કસબીઓમાં વર્ષ ૨૦૨૧માં ચાર અને વર્ષ ૨૦૨૨ના ૧૧ કસબીઓમાં પાંચ કચ્છી પસંદ કરાયા છે.

પસંદ થયેલા કચ્છી કસબીઓમાં વર્ષ ૨૦૨૧ના ટેક્સટાઈલમાં હેવી ચોમક શાળા માટે રામપર વેકરાના જ્યોત્સના નવીનભાઈ પ્રથમ, ભરતકામમાં સૂફ ભરતમાં શાલની કૃતિ તૈયાર કરનારા રાઠોડ દિમીબેન સુખલાલ, સુમરાસર શેખ, રોગાન ટ્રી ઓફ લાઈફ માટે નિરોણાના મુનાફ સિદ્ધીક ખત્રી અને ટાઈ-ડાઈ બાંધણી માટે ગજી સિલ્ક ટીસી પાલવ મોરલા રાસમંડળ કૃતિ માટે તાનિયા ફયાજ અહમદ ભુજ વિજેતા રહ્યાં હતા. વર્ષ ૨૦૨૨ના પુરસ્કાર ટાંગલિયાના કસબી મગનભાઈ વણકર, આહીર ભરતના વોલ હેંગીંગ માટે કોટાયના કંકુબેન ગરવા, નેરણ વર્ક માટે રાણબેન માનસિંહ વગેરે વિજેતા જાહેર થયા હતા.

### કચ્છ યુનિવર્સિટીમાં પત્રકારત્વ અભ્યાસક્રમ

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ અને કચ્છમિત્રના સહયોગમાં પત્રકારિતા (પત્રકારત્વ) અભ્યાસક્રમ શરૂ કર્યો છે. પત્રકારત્વ અભ્યાસક્રમનો પ્રારંભ સંજયભાઈ દામજીભાઈ એન્કરવાલાએ દીપ પ્રગટાવી શરૂ કર્યું હતું.

આ પ્રસંગે કચ્છમિત્રના તંત્રી દિપકભાઈ માંકડ, યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પી. એસ. હીરાણી, એસ. આર. કે. ઈન્સ્ટીટ્યુટના અરજણભાઈ કાનગડ, ગુજરાતી વિભાગના વડા ડૉ. દર્શના ધોળકિયા અને યુનિ. ના રજીસ્ટ્રાર ડૉ. જી. એમ. બુટાણી સહિત અનેક ગણમાન્ય મહાનુભાવ હાજર રહ્યા હતા.

### મિલેટ્સ વાનગી સ્પર્ધા

મિલેટ્સ (બાજરી આદિ જાડા ધાન્ય) વર્ષ ૨૦૨૩ની ઉજવણીના ભાગ રૂપે બાજરી વગેરે ધાન્યોની વિવિધ વાનગી સ્પર્ધા, પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભુજ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં કચ્છ જિલ્લા મહિલા મોર્ચા અને કિસાન મોર્ચાના સંયુક્ત તત્વાવધાનમાં ૫૧ જેટલી મહિલાઓ અને ખેડૂતોએ ભાગ લીધો હતો.

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન

### ઈનામ નાબુદી ધારાની જોગવાઈ

ઈનામ નાબુદી ધારા હેઠળ ચાકરી, નોકરી સલામી વગેરે જુદા જુદા કારણોથી અપાયેલી ઈનામની ખેતીના ખેડનારના સ્વતંત્ર માલિકી હક અપાયા છે પણ કોઈ ન કોઈ કારણસર આવી જમીનોના કબ્જા નિયમબદ્ધ થયા નથી તે નિયમિત કરવાની સત્તા જિલ્લા કલેક્ટરને આપવામાં આવી છે.

### મીંઢિયાવળ તથા અન્ય ઔષધીઓ

કબજીયાત-કોષ્ટબદ્ધતા એક સામાન્ય તકલીફ છે અને ઘણા લોકો પીડાય છે. એને દૂર કરવા જાતજાતની દવાઓ પ્રચલિત છે જેમાં એક છે મીંઢિયાવળ વનસ્પતિ. સોના મુખી તરીકે જાણીતી મીંઢિયાવળની સારા પ્રમાણમાં ખેતી થઈ રહી છે.

નાની રેલડીના સરકારી ઔષધીય વનસ્પતિ ઉદ્યાન 'આરોગ્ય રક્ષક'ની ૧૦૦ એકર જમીનમાં ૧૧૦ પ્રકારની ઔષધીય વનસ્પતિ ઉગાડાય છે.

આ જમીન પૈકી ૬૦ એકરમાં ગુગળની ઝાડી છે. કચ્છમાં ઔષધીય વનસ્પતિના પાક લેવાને પ્રોત્સાહિત કરવા દર વર્ષે જૂન-જુલાઈમાં વ્યક્તિગત રીતે ૧૦ સેવા અને શાળા વગેરે સંસ્થાઓને ૫૦ રોપા વિનામુલ્યે આપવામાં આવે છે. ઉપરાંત ખેડુતોને વાડી-ખેતરમાં વાવેતર માટે ૨૦૦ રોપા આપવામાં આવે છે.

કબજીયાતની કાયમચૂર્ણ જેવી દવામાં વપરાતી મીંઢિયાવળ અર્થાત સોનામુખીનું વાવેતર ઝીંકડી, હબાય અને ભચાઉ તાલુકામાં કરવામાં આવે છે. વેપારીઓ મોટા પ્રમાણમાં ખેડુતો પાસેથી આ ઔષધીય પાક લઈ જાય છે.

આ વરસે ઉદ્યાનમાં અશ્વગંધાનું દોઢ એકરમાં વાવેતર કરાયું છે. એ સિવાય શતાવરી, મહાસુદર્શન ધનવટીના મુખ્ય ઘટક કાલમેઘ(લીલું કરિયાતું)નું વાવેતર પણ ઉદ્યાનમાં કરવામાં આવ્યું છે. (કચ્છમિત્રમાંથી સાભાર)

### કોટડા ચકારના ભેડ અને સરાણ માતાજી

કોટડા ચકારના પડખે આવેલા ભૂખી નદીના વગડા વિસ્તારમાં હાલના વરસાદથી મોજ છવાઈ ગઈ છે. ભેડ માતાજી અને સરાણવાળી માતાજીના અને મોમાય માતાજીના પરિસર તરીકે ઓળખાતા આ પ્રદેશમાં ઝરણા, વોંકળા અને હરિયાળીના લીધે કુદરતી પિકનીક સ્પોટ સર્જાયો છે. આથી કચ્છભરમાંથી આ કુદરતના સૌંદર્યને માણવા લોકો આવી રહ્યાં છે અને મેળાનો - ઊભો થયો છે.

### અમૃત સરોવર યોજનામાં કચ્છ પ્રથમ

સ્વતંત્રતાના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે વડાપ્રધાન માનનીય મોદીજીના સૂચન મુજબ દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરના નિર્માણ હેઠળ કચ્છમાં ૭૫ અમૃત સરોવરના નિર્માણ સામે ૯૯ જેટલા અમૃત સરોવર બનાવી દેવાયા છે. તાજેતરના શ્રીકાર વરસાદના પરિણામે દરેક સરોવરમાં પાલર પાણી હિલોળા લઈ રહ્યું છે. સહુથી વધુ નખત્રાણામાં ૨૪ અને અબડાસામાં ૪ સરોવર બન્યા છે.

સામાન્ય લાગતા આ સૂચનના પગલે પાણીની તકલીફ હોય કે ન હોય જેતે વિસ્તારમાં જળ સંકટના ઉકેલ અનોખી યોજના આકાર પામી રહી છે.

### કચ્છ કોપર પ્રોજેક્ટ

અદાણી ગ્રુપની કચ્છ કોપર લિ. ની મુંદરા ખાતે ૨૦૨૪ના માર્ચમાં સ્થાપિત થશે. વિવિધ ઈલેક્ટ્રીક સાધનોમાં વપરાતા કોપરના ઉત્પાદન માટે અદાણી એન્ટરપ્રાઈઝેસની પેટા કંપની કચ્છ કોપરસેલનું ૧.૧ અબજ ડોલરનું મુડી રોકાણ કરવાનું આયોજન છે.

### ગોલ્ફ કોચીંગ કેમ્પ

રોયલ ફાર્મ રિસોર્ટના ગોલ્ફ કોર્સ ખાતે ગોલ્ફની કોચીંગનું ફોકિયા એ આઈઓસીના સહયોગમાં કચ્છ મિત્ર અને અંજારની હોટેલ ફર્ન દ્વારા ગોલ્ફ કોચીંગ કેમ્પનું આયોજન થઈ રહ્યું છે.

### સુજાપરમાં નવકાર પર્વોત્સવ

સુજાપરના અજીતનાથદાદા જિનાલયમાં સ્થાનીય ટ્રસ્ટી કિશોરભાઈ જીવરાજ સાંયાના સાંનિધ્યમાં નવકાર મહામંત્ર પર્વોત્સવ યોજવામાં આવ્યું હતું.

### નેશનલ ઓર્ગેનિક્સ સરકારીના બોર્ડ પર વલમજી હુંબલ

નેશનલ કો.ઓ. ઓર્ગેનિક્સ લિ.ના બોર્ડ પર સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલની નિમણુંક થઈ છે. નેશનલ કો.ઓ. ઓર્ગેનિક્સ મલ્ટીસ્ટેટ કો.ઓ. સંગઠન છે. આ સંગઠન ઓર્ગેનિક ખેત પેદાશો વાજબી ભાવે ઉપલબ્ધ કરવાની સાથે વિવિધ ખેડૂત, દુગ્ધ ઉત્પાદક સંગઠનો અને સહકારી મંડળીઓ નેશનલ કો.ઓ. ઓર્ગેનિક્સના સભ્ય બની શકે છે.


### વાંકુ ગૌસેવા સમિતી

વાંકુ ગામવાસીઓએ ગૌસેવા માટે સમિતી બનાવી છે. જે માટેનું ભંડોળ ગામના બોર ધરાવતા ખેડુતો પાસેથી બોર દીઠ રૂા. ૧૧૦૦નો ફાળો એકત્ર કરી ગૌવંશ માટે નીરણની વ્યવસ્થા કરવામાં આવે છે. આ ફાળા ઉપરાંત જેને વધુ રકમ ભેટ આપવી હોય તે સ્વીકારવામાં આવે છે. હાલ ૪૦૦ જેટલી ગાયોની સેવા કરાય છે. આ ફાળા દ્વારા વાર્ષિક દોઢ લાખ જેટલી રકમ ભેગી થાય છે. અનુકરણીય પહેલ.

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ


સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**

મો. : **98197 93610 / E-mail : rpshah41@yahoo.com**

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૭.૨૦૨૩ | લંડન | નિસ્વીતા સંદિપ ધીરજ લોડાયા(શાહ) | મોટી ખાવડી | પુત્રી |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૭.૨૦૨૩ | મુલુંડ | ભૂપેન મહેન્દ્ર માલશી લોડાયા | મોટી ખાવડી | ૩૫ |
| | વરાડિયા | મિત્તલ વસંત કુંવરજી મોમાયા | વરાડિયા | ૨૯ |
| ૨૬.૦૭.૨૦૨૩ | અહમદાબાદ | કેવલ સંદીપ તારાચંદ મોતા | સુથરી | ૩૦ |
| | કોઇમ્બતુર | નિકિતા કમલેશ વીરચંદ લોડાયા | જખૌ | ૨૬ |
| ૦૧.૦૮.૨૦૨૩ | ડોંબિવલી | ભાવિક મનીશ કુંવરજી મોતા | નલિયા | ૨૬ |
| | ડોંબિવલી | પૂજા ઉદય શાંતિલાલ ધુલ્લા | સુથરી | ૨૪ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૭.૨૦૨૩ | ડોંબિવલી | મિતેશ ગિરીશ વીરજી ગાલા | મોટા લાયજા | ૩૨ |
| | ડોંબિવલી | ભૂમિકા નીતિન મણીલાલ પોલડીયા | બાયઠ | ૨૪ |

### જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૦૫.૨૦૨૩ | અમદાવાદ | પ્રજ્ઞેશ ખુશાલી પદમશી ગોસર | બાયઠ | ૨૭ |
| | ભાંડુપ | ઉષ્મા અભય પદમશી ડાઘા | વરાડીયા | ૨૬ |

### આંતરજ્ઞાતિ લગ્ન છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯.૦૩.૨૦૨૩ | ઘાટકોપર | નિમિષ હિંમતલાલ મશ્કરીયા | --- | ૪૪ |
| | ડોંબિવલી | રોનક હિરાચંદ લોડાયા | સાંધવ | ૪૨ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૭.૨૦૨૩ | મુલુંડ | ગુણવંતી મણીલાલ ધરમશી | મોટી સિંધોડી | ૮૩ |
| ૧૬.૦૭.૨૦૨૩ | લોનાવલા | હિતેશ હંસરાજ ધરમશી | લાલા | ૫૦ |
| ૧૭.૦૭.૨૦૨૩ | ઘાટકોપર/પુના | નવીનચંદ્ર ડુંગરશી હેફા | જખૌ | ૭૨ |
| ૧૭.૦૭.૨૦૨૩ | હુબલી | કાંતાબેન જયચંદ ખોના | કોઠારા | ૮૨ |
| ૧૯.૦૭.૨૦૨૩ | ડોંબિવલી | રાજેશ પ્રતાપ શામજી સાયલા | તેરા | ૪૧ |
| ૧૯.૦૭.૨૦૨૩ | ડોંબિવલી | નવલબેન વાલજી ધરમશી | સુથરી | ૭૨ |
| ૧૯.૦૭.૨૦૨૩ | જામનગર | જયશ્રીબેન જેઠાલાલ ખોના | ગોરખડી | ૭૬ |
| ૨૨.૦૭.૨૦૨૩ | મુલુંડ | કસ્તુરીબેન કાંતિલાલ ખોના | સાંધવ | ૮૮ |
| ૨૩.૦૭.૨૦૨૩ | મુલુંડ | લક્ષ્મીબાઈ ખીમજી લોડાયા | તેરા | ૮૫ |
| ૨૫.૦૭.૨૦૨૩ | ગોંદીયા | ઉષાબેન મણીલાલ ધરમશી | ગોંદીયા | ૮૦ |
| ૨૫.૦૭.૨૦૨૩ | ઘાટકોપર | લીલાવંતી ગોવિંદજી ખોના | ગોરખડી | ૭૮ |

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા–વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૦૭.૨૦૨૩ | અંધેરી | મેઘજી ખીમજી મોમાયા | વરાડીયા | ૮૪ |
| ૨૯.૦૭.૨૦૨૩ | હૈદ્રાબાદ | સુનીલ જવેરચંદ ખોના | તેરા | ૪૬ |
| ૨૯.૦૭.૨૦૨૩ | જામનગર | જ્યોતિબેન જયસુખલાલ વોરા | રંગપુર | ૭૦ |
| ૩૦.૦૭.૨૦૨૩ | મુલુંડ | રાહુલ પુનમચંદ મૈશેરી | લાલા | ૫૭ |
| ૩૦.૦૭.૨૦૨૩ | ગાંધીધામ | શામજી પદમશી છેડા | સુથરી | ૮૪ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Ajay Laxmichand Lodaya (PS-5003)**
D-602, Krishna Paradise,
30 Mtr Khodiyar Nagar Road,
New Kareli Baug, Opp D Mart,
Vadodara, GJ - 390 022.
M. : 91060 22756.

**Shri Hiralal Bhavanji Momaya (PS-216)**
C/o, Rohan H Bhate, C-203, Crown, Hiranandani Estate, Patlipada,
Godbundar Road,
Thane (West), MH - 400 607.
M. : 70396 49654.

**Shri Bhavanji Devshi Lodaya (PS-1859)**
501, Neptune Gulmohar,
Junction of Zaver Road & P.K. Road,
Near Panch Rasta,
Mulund (West), MH - 400 080.
M. : 98199 13967.

**Shri Chetan Mulji Chheda (PS-31)**
B-505, Nav Dombivali CHS Ltd.,
Opp. Railway Station, Ramnagar,
Dombivali (East), MH - 421 201.
M. : 98198 41770.

**Shri Hemang Lalji Shah(Lodaya) (PS-1381)**
A-404, Sukesh,Next to Om Shakti CHS,
Mulund (West), MH - 400 080.
M. : 99206 46846 Hemang L Shah,
99691 19098 - Meera H Shah

**Shri Laherchand Narshi Maisheri (PS-2038)**
1702, Sharda Pristine, Dr. Ambedkar Road,
Above ICICI Bank, Mulund (West),
MH - 400 080. M. : 98331 56066.

**Smt Laxmi Vijay Lodaya (PS-7444)**
1303, Tower T5 Eve Building,
Naidu Colony, Pant Nagar,
Ghatkopar (East), MH - 400 075.
M. : 92241 75115.

## પ્રલય પ્રકોપ

જળ એ જીવન છે,
પણ શાંત રહે ત્યારે ...
એ જ જળ કાળમીંઢ છે,
જ્યારે પ્રલય બને ત્યારે...

ભરખી જાય સઘળું
પછી ભલે નર હોય કે નાર
ના જુએ ગાડું કે નહીં મોટરકાર
ધસી નાખે નાની મોટી દિવાલ
ઘસડી જાય ટપરી અને દુકાન

જ્યાં ધ્વંશ થાય વાડા ને વગડા
ત્યાં જનાવરની તો શું વિસાત !
જ્યાં તણાવા લાગે ટ્રકના ટાયર
તો હાથલારીની તો શું વિસાત !
વહેતાં વેગે ફળો અને શાકભાજી
તો દેવાલયની છબીઓની તો શું વાત !

જીવ બચાવવા જે ભાગ્યશાળી
ચઢી જાય ઉંચે મુકામ
નિરખ્યા કરે બની શૂન્ય મનસ્ક
અત્ર તત્ર સર્વત્ર નજરે પડતો
સતત ધસમસતો જળ પ્રવાહ
ને સર્જાયેલી હ્રદય દ્રાવક
તારાજી અને પ્રલય પ્રકોપ
**( તા.૨૨/૭/૨૩ના જુનાગઢમાં**
**ફાટેલ આભના ઉપલક્ષ્યમાં)**

**– જ્ઞાનેશ જયચંદ લાપસીયા**
મુલુંડ ચેકનાકા

BEING JAIN

# Temptation- The Devil In Disguise

**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



During the time of Acharya Bhadrabahu, there was a long period of severe famine. The Acharya decided that it would be in the interests of his other monks to travel south where the famine was not so severe. After a number of years Acharya Bhadrabahu made his way back north to Nepal where, in the mountains he began a Mahapraan Dhyan Sadhana (deep meditation).

The famine continued and many monks began to die. The senior monks of the Sect feared that rate at which the monks were passing away, soon there would be no one left with knowledge of the scriptures. They decided then to send an envoy to Acharya Bhadrabahu to request him to return and impart the knowledge of the scriptures, the "Fourteen Purvas" to the remaining monks.

Acharya Bhadrabahu initially refused to interrupt his on-going meditation but finally realised that his duties as the head of Sect were were more important than his personal spiritual goals. He agreed to oblige and asked the envoy to send the monks to him so that he could teach them the scriptures.

Five hundred monks made their way to Acharya Bhadrabahu. The monks however could not maintain the level of concentration required and slowly gave up. Only Sthulibhadra remained to carry on his learning. Acharya Bhadrabahu had taught Sthulibhadra ten of the fourteen "Purvas" and had begun the eleventh when he decided to go south to Pataliputra. Sthulibhadra went with him.

It so happened that Sthulibhadra's seven sisters lived in Pataliputra. On hearing of the arrival of Acharya Bhadrabahu, they were eager to see their brother. They went to Acharya Bhadrabahu to pay their respects and then enquired about Sthulibhadra. The Acharya directed them to the cave in which Sthulibhadra was residing. But to their surprise, they met with a huge lion instead of their brother. They ran back to the Acharya and told him that there was a lion in the cave where Sthulibhadra was supposed to be. Was it possible that the lion had eaten Sthulibhadra up? Acharya Bhadrabahu immediately knew that Sthulibhadra had used his newly acquired knowledge and yogic powers to change his form into a lion, so as to impress his sisters. Acharya Bhadrabahu after having calmed them told them to go back to the same cave and that they would see Sthulibhadra. The sisters went back and this time to their surprise and elation they found Sthulibhadra.


In the meanwhile, Acharya Bhadrabahu fell into deep thought. Sthulibhadra had attained immense knowledge through dedication and hard work. Even then he succumbed to pride which brought about this action. Could he be trusted with the complete knowledge? “No,” Bhadrabahu thought, “if Sthulibhadra was already so proud then he was not eligible to be given complete knowledge.”

When Sthulibhadra came to Acharya Bhadrabahu, the Acharya said, "Now I cannot pass on any more knowledge of the "Purvas" to you as you have misused the knowledge that you have." Sthulibhadra realising his folly pleaded Acharya Bhadrabahu promising that he would never again misuse his acquired knowledge. Acharya Bhadrabahu finally agreed to impart the rest of the knowledge in the form of words only, but abstained from revealing the meaning and explanation of the remaining scriptures to Sthulibhadra. Besides, he made Sthulibhadra take a vow that he would not teach these Purvas to anyone else.

Robert Malthus, the English economist had said, “The ordeal of virtue is to resist all temptation to evil.” Acharya Sthulabhadra, having fallen from virtue so arduously acquired, could teach his disciples Mahagiri and Suhastin only ten Purvas, since he was oath bound not to pass on the knowledge of the last four Purvas to anybody.

Over View

# CHANGING LIFESTYLES



**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646

During this summer vacation, one night we two, our three daughters, three sons-in-law and three grand children were relaxing and discussing every thing under the sun. Suddenly the topic on changing lifestyles cropped up and it became the subject of interesting and lively discussion.

S-1 There used to be a time when how many idlis you could eat at a time or how many Roso Gullas you ate would be a bragging point. Not anymore. New status symbol is what diet one is on: gluten-free, vegan, low fat, low sodium, no carb, no dairy, sugar free, keto, sustainable and so on.

All agreed.

D-3 Food isn't the only thing. People are quitting Tea, coffee, cigarettes, alcohol, fast fashion, plastic and even their chairs. Fashion lovers can make countless reduced things extolling the virtues of pre -loved clothing.

F. Minimalism or Aparigraha is catching up. Less baggage , more comfort. But this should also apply to thoughts in the mind also.

D-1. Because of professional needs and Rotary activities, I used to buy sarees and dresses at a drop of a hat , apart from using Mummys' sarees. But now I have reached a saturation point and the craving for buying new things has almost disappeared. Enough is enough. As far as food is concerned I enjoy any type of well prepared vegetarian food. No rigidity. Fast food or aerated drinks taken rarely. No Alcohol. Laughter is the best food.

S-3 Very True. All the Thirthankaras, Lord Ram, Lord Krishna were princes and experienced all the luxuries of life. So their needs just withered away and they transcended all materialistic things and pleasures. Otherwise, the craving remains if it is coercively self- imposed. This discipline itself becomes a big ego factor. Only toys change.

All agreed.

D-2 For some quitting is a fad but for others it is about making a healthier choice. I hardly go to make over studios like mummy. Do yogasanas regularly. Being a foodie I believe in not depriving or denying myself. I sometimes take a bite of a pizza etc. if I really feel the craving but mostly stay on course of staple healthy hot food.

M. Yes, slowly awareness has increased and people are making smarter choices. If done right, certain lifestyle choices can help a person become physically and mentally healthy.

S-2 Many people jump on the sustainable bandwagon without understanding it. Since years I take more salads and seasonal fruits and eat three times a day. Don't believe in destiny, think of reality

S-3 Coming to minimalism, like father-in-law my needs are minimum. I don't wear any ornaments. Simple clothes. Of course I like to drive a good car.

GS: When my friends talk of what they are giving up, I find this kind of approach is set up for failure as I see them eating all things they had stopped after a week. Lying to ourselves is more deeply ingrained in us than lying to others.

GD-1 I am a foodie and love fast foods also. But you need to be more conscious of what you are putting inside your body. There is no need to give up carbs or sugar if you are eating quality healthy food. For instance if you are giving up carbs then you must ensure that you eat enough fiber that your body needs. Dietary choices should be about science rather than fashion.

GD- 2. I have reduced my needs after hearing our Jain Sadhvis during Paryushan discourses.

D-3 I had assessed a weak child with learning disabilities. He wanted to play cricket but had no energy. I found that his parents had put him on a diet without oil. This has made the child nutritional deficient.

GS-1 After listening to all, one thing that puzzles me is that the average longevity of life of those people who eat and drink to their heart's content and those who follow numerous diet restrictions is almost the same or even more. Both develop similar diseases. Then why have all this fuss?

Silence .

Conclusion: At the end, the consensus was that following Middle or Golden Mantra is the best lifestyle. No extremes in any walk of life are needed to live healthy and happy life. Minimalism is good as there is no end to human desires and that attitude keeps you tense and unhappy for all times to come. Similar is the baggage of mind. Your attempt may fail. But never fail to make a serious attempt.

So welcome are these changes in Life style.

# Nomophobia - Smart Phone Addiction - Part 2

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



Causes and effects of smartphone and internet addiction.

"Our attention spans have been reduced by the immediate gratification provided bysmartphones and social media." Katherine Ryan

While you can experience impulse-control problems with a laptop or desktop computer, the size and convenience of smartphones and tablets means that we can take them just about anywhere and gratify our compulsions at any time. In fact, most of us are rarely ever more than five feet from our smartphones. Like the use of drugs and alcohol, they can trigger the release of the brain chemical dopamine and alter your mood. You can also rapidly build up tolerance so that it takes more and more time in front of these screens to derive the same pleasurable reward.

Heavy smartphone use can often be symptomatic of other underlying problems, such as stress, anxiety, depression, or loneliness. At the same time, it can also exacerbate these problems. If you use your smartphone as a "security blanket" to relieve feelings of anxiety, loneliness, or awkwardness in social situations, for example, you'll succeed only in cutting yourself off further from people around you. Staring at your phone will deny you the face-to-face interactions that can help to meaningfully connect you to others, alleviate anxiety, and boost your mood. In other words, the remedy you're choosing for your anxiety (engaging with your smartphone), is actually making your anxiety worse.

Smartphone or internet addiction can also negatively impact your life by: Increasing loneliness and depression. While it may seem that losing yourself online will temporarily make feelings such as loneliness, depression, and boredom evaporate into thin air, it can actually make you feel even worse. Users, especially teens, tend to compare themselves unfavorably with their peers on social media, promoting feelings of loneliness and depression.

Fueling anxiety. One researcher found that the mere presence of a phone in a work place tends to make people more anxious and perform poorly on given tasks. The heavier a person's phone use, the greater the anxiety they experienced.

Increasing stress. Using a smartphone for work often means work bleeds into your home and personal life. You feel the pressure to always be on, never out of touch from work. This need to continually check and respond to email can contribute to higher stress levels and even burnout.

The constant stream of messages and information from a smartphone can overwhelm the brain and make it impossible to focus attention on any one thing for more than a few minutes without feeling compelled to move on to something else.

Diminishing your ability to concentrate and think deeply or creatively. The persistent buzz, ping or beep of your smartphone can distract you from important tasks, slow your work, and interrupt those quiet moments that are so crucial to creativity and problem solving. Instead of ever being alone with our thoughts, we're now always online and connected.

Disturbing your sleep. Excessive smartphone use can disrupt your sleep, which can have a serious impact on your overall mental health. It can impact your memory, affect your ability to think clearly, and reduce your cognitive and learning skills.

Snapping endless selfies, posting all your thoughts or details about your life can create an unhealthy self-centeredness, distancing you from real-life relationships and making it harder to cope with stress.

"The less devices you have to charge, the more charge you have for your mind." —

# પુણ્યતિથીએ
# ભાવપૂર્વક સ્મરણાંજલી

**આપનો અપાર સ્નેહ, સુમેળભર્યું વ્યવહાર, કૌટુંબિક ભાવના,**
**ધર્મ પ્રત્યેની અતુટ શ્રધ્ધા, ભકિતની સુવાસ ક્યારેય ભુલાશે નહીં.**



## સ્વ. મણીલાલ પદમશી દંડ
**સ્વર્ગવાસ તા. ૧૦-૨-૧૯૮૧**



## સ્વ. નવલબેન મણીલાલ દંડ
**સ્વર્ગવાસ તા. ૫-૮-૨૦૦૫**

**ગામસેવક ભરૂડીયા - હાલ - મુલુંડ**



## સ્વ. મધુબેન રતીલાલ અનમ
**સ્વર્ગવાસ તા. ૧૪-૪-૨૦૦૧**

હરઘડી તમે સાથે છો અમારા, અમને એ અહેસાસ છે,
આજ તમો ખૂબ દૂર છો અમાર થી, પણ દિલની ખૂબ નજદીક છો.
તમારી યાદોની અમુલ્ય ધરોહર, આજે પણ અમારી સાથે છે,
જીવનના હરેક પડાવને પાર પાડવા, અમારા મસ્તકે તમારો હાથ છે,
તમે પ્રત્યક્ષ અમારી સાથે નથી, પણ તમારા આશીષ હંમેશા સાથે છે.

**તમારી અમર સ્મૃતિમાં આશિર્વાદના અભિલાષી**

અ. સૌ. હેમલતા તથા મહેન્દ્ર મણીલાલ દંડ
અ. સૌ. સંગીતા તથા રાજેશ મણીલાલ દંડ
અ. સૌ. છાયા તથા પીયુષ મહેન્દ્ર દંડ
અ. સૌ. પ્રિયંકા તથા નીખિલ વનરાજ ધુલ્લા
અ. સૌ. પ્રિયા તથા વિરલ રાજેશ દંડ
શ્રી રતિલાલ વાઘજી અનમ
અ. સૌ. હિમાંશી તથા ચિરાગ અતુલ શાહ
અ. સૌ. ઉર્મીલા તથા અશોક મણીલાલ દંડ
અ. સૌ. સંગીતા તથા કિશોર ગોવિંદજી લાપસિયા
અ. સૌ. નિશા તથા ધર્મેશ શાંતિલાલ લાપસિયા
અ. સૌ. ખુશ્બુ તથા ચિરાગ વનરાજ ધુલ્લા
અ. સૌ. તન્વી તથા નિરજ કિશોર લાપસિયા
અ. સૌ. મનીષા તથા અલ્પેશ મહેન્દ્ર કોઠારી
ચી. પાલી અને ધવલ કિશોર લાપસિયા

પ્રીયાંક-અકીરા-નીયતી-પ્રથમેશ-તરેન-દમીત-પ્રથમ-પીહાન-સાન્વી

**CDO Prakash Samiksha** R.N.I. No. MAHBIL/2020/79181 **Date of Publication :** 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

To,

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**